# COMPLETE GLOSSARY

( હજુ સુધી આવા મીનીંગ કોઇપણ છપાયા નથી. )

OF 

ALL THE WORDS AND PHRASES

OCCURRING IN

# ROYAL READER NO. I.

PUBLISHED AND SOLD BY

KARSANDAS NARANDAS BOOKSELLER,

*SURAT.*

1921

Price 10 Annas.

# FIRST READING BOOK.

First (ફર્સ્ટ) પેહેલી.
Reading (રીડિંગ) વાંચવાની.
Book (બુક) ચોપડી.

## PART I. ભાગ પેહેલો.

The See saw–હીંચકો

See-saw ( સી સૉ ) હીંચકો, ચકડોળ.
Look (લુક) જુઓ.
At me–મારી તરફ.
Up–ઉંચે, ઉપર.
Air (એર) હવા, વાયુ.
In the air–હવામાં.
See (સી) જુઓ.
Let go (લેટ ગો) છુટા મૂકું છું.
Both (બોથ) બન્ને.
Hands (હેન્ડઝ) હાથ.
Yet (યેટ) તોપણ.
Fall (ફૉલ) પડવું
Do not fall–પડતો નથી.
Now (નાઉ) હમણાં, હવે.
John (જૉન) છોકરાનું નામ છે.
You (યુ) તમે.
Do try (ડુ ટ્રાય) યત્ન કરો; [illegible]
Down (ડાઉન) નીચે.
Care (કેઅર) સંભાળ.
Take care–સંભાળ લો.
Hold (હોલ્ડ) પકડવું.
Fast (ફાસ્ટ) મજબુતાઇથી.
Hold fast–મજબુતાઇથી પકડજો
While (હ્વાઇલ) જયારે.
It (ઇટ) તે.
Is (ઇઝ) છે.
Great (ગ્રેટ) ઘણી, મોટી.
Fun (ફન) રમુજ, ગમત, મજા.
To ride (રાઇડ) બેસવું, ઘોડો ફેરવો, ઘોડેસ્વાર થવું.

You go up and down–તમે ઉપર જાઓ છો અને હું નીચે જાઉં છું.

It is great fun to ride on the sea-saw–હીંચકા ઉપર બેસવું એ મોટી રમુજ છે.

## THE CAT ON THE TREE.

### ઝાડ ઉપરની બિલાડી.

Look at (લુક ઍટ) જુઓ.
That (ધૅટ) પેલી.

Cat (કૅટ) બિલાડી.
High up (હાઇ અપ) ઉંચે.
Good (ગુડ) ભલી, સારી.
Stay (સ્ટે) રહે છે, થોભે છે.
House (હાઉસ) ઘર.
They (થે) તેઓ.
Catch (કૅચ) પકડે છે.
Mice (માઇસ) ઉંદરો.
Rats (રૅટસ) મોટા ઉંદરો; ઘૂસો.
But (બટ) પણ.
This (ધિસ) આ
Climbs (ક્લાઇમ્બ્ઝ) ચઢે છે.
Trees (ટ્રીઝ) ઝાડો.
To catch (ટુ કૅચ) પકડવાને
Birds (બર્ડ્ઝ) પક્ષિઓ.
Kills (કિલ્ઝ) મારી નાંખે છે.
Eats (ઇટ્સ) ખાઇ જાય છે.
Them (ધેમ) તેમને.
There (ધેઅર) ત્યાં.
Wild (વાઇલ્ડ) જંગલી.
There are wild cats-જંગલી બિલાડીઓ છે.
Which (વ્હિચ) જે.
Live (લિવ) રહે છે.
Woods (વુડ્ઝ) જંગલો.
Spend (સ્પેન્ડ) ગુમાવેછે,કાઢેછે.
Most (મોસ્ટ) ઘણો ખરો.

Their (ધેર) તેઓનો.
Time (ટાઇમ) વખત.
Where (વ્હેર) જ્યાં.
Rob (રૉબ) ચોરે છે, લુટી લે છે.
Nests (નેસ્ટસ) માળા.
Like (લાઇક) જેવી; માફક.
One (વન) એક.
Like one of them-તેઓમાંની એક જેવી.
There are......this cat is one of them-જંગલી બિલાડીઓ છે, જે જંગલમાં રહે છે. તેઓ પોતાનો ઘણો ખરો વખત ઝાડ ઉપર કાઢે છે, જ્યાં તેઓ પક્ષીઓને પકડે છે ને તેઓના માળા લુટી લે છે. આ બિલાડી તેઓમાંની એક જેવી છે.

## THE BIRD'S SONG.

### પક્ષીનું ગીત.

Bird's (બર્ડ્ઝ) પક્ષીનું.
Song (સોંગ) ગીત.
Sits (સિટ્સ) બેસે છે.
Branch (બ્રૅન્ચ) ડાંખળી, ડાળી.
Near (નીઅર) પાસે, નજદીક.
Its (ઇટ્સ) તેના.

Nest (નેસ્ટ) માળો.
Hark (હાર્ક) સાભળો.
Do hear (ડુ હીઅર) સાંભળો છો?
How (હાઉ) કેવું.
Sweet (સ્વીટ) મધુર, સારૂં.
Swings (સ્વિંગ્ઝ) ડોલ્યાં ખાય છે, ઝુલે છે.
To and fro આમતેમ.
Air (એર) હવા.
Still (સ્ટિલ) તોપણ.
Sings on (સિંગ્ઝ)ગાયા કરેછે.
Does fear (ડઝ ફીઅર) બીહે છે, ધાસ્તી રાખે છે.
That (ધૅટ) કે.
Will fall–પડી જશે.
For (ફૉર) કારણ કે.
Knows (નોઝ) જાણે છે.
Wings (ૡિંગ્ઝ) પાંખો.
There is one–એકજ જણ છે.
Who (હૂ) જે.
Cares (કેઅર્સ) સંભાળ લે છે.
For thee (ધી)તારી; તારે માટે.
Day by day–દરરોજ.
His (હિઝ) પરમેશ્વરનો, તેનો.
Strong (સ્ટ્રૉંગ) જોરાવર.
Right (રાઇટ) જમણો.
Arm (આર્મ) હાથ

Keeps (કીપ્સ) સંભાળે છે, બચાવે છે,
Both (બોથ) બન્ને.
Harm (હાર્મ) સંકટ; દુઃખ.
The branch...sings on–ડાળી હવામાં આમતેમ ડોલાં ખાય છે, તોપણ તે પક્ષી ગાયા કરે છે.
Sing...harm–ગા, પક્ષી, મારી પાસે એક ગીત ગા; એકજ જણ છે જે તારી સંભાળ લે છે. દરરોજ તેનો જોરાવર જમણો હાથ તને અને મને બન્નેને સંકટમાંથી બચાવે છે.

## THE OLD MAN AND THE DOG.

બુઢ્ઢો માણસ અને કુતરો.

Look at, (લુક ઍટ) જુઓ.
Poor (પુઅર) ગરીબ.
Old (ઓલ્ડ) બુડ્ઢો.
Man (મૅન) માણસ.
Tree (ટ્રી) ઝાડ.
By the side (સાઇડ) બાજુએ; પાસે.
Road (રોડ) રસ્તો.
Has come (હૅઝ કમ) આવ્યોછે.
Long (લૉંગ) લાંબો.

Way (હ્વે) મજલ.
He sits...road તે રસ્તાની બાજુએ ઝાડ આગળ બેસે છે.
He has come a long way—તે લાંબી મજલે આવ્યો છે.
Now (નાઉ) હમણાં.
Wants (વૉન્ટસ) માગે છે; જોઇએ છે; ગરજ છે.
Rest (રેસ્ટ) આરામ.
Food (ફુડ) ખોરાક.
Take (ટેઇક) લે
Some (સમ) કાંઇક; થોડીક.
Bread (બ્રેડ) રોટલી
Waits (વેઇટસ) રાહ જુએ છે.
Share (શેર) ભાગ; પાંતી.
Come (કમ) આવ.
Man (મૅન) માણસ.
Meat (મીટ) માંસ.
Out of (આઉટ ઑફ) માંથી.
Your (યૂઅર) તમારી.
Bag (બૅગ) કોથળી; ઝોળી.
Then (ધેન) પછી; ત્યાર પછી.
Bit (બિટ) કકડો.
His dog...food—તેનો કુતરો તેની બાજુએ બેસે છે અને તે ગરીબ માણસના ખોરાકના ભાગની રાહ જુએ છે.
Then give a bit...dog—પછી તારા ગરીબ કુતરાને થોડું માંસ આપ.
Once (વન્સ) એક વખત.
Had (હૅડ) હતો.
Son (સન) છોકરો.
Is dead (ઇઝ ડેડ) મરી ગયો છે.
Lives (લિવ્ઝ) રહે છે.
Kind (કાઇન્ડ) માયાળુ.
Says (સેઝ) કહે છે.
As long as (ઍઝ લૉન્ગ ઍઝ) જ્યાં સુધી
Will get (વિલ ગેટ) ને મળશે; [મેળવશે.
Let us go—ચાલો આપણે જઇએ.
Let us ask (આસ્ક) ચાલો આપણે પુછીએ.
Jane (જેઇન) છોકરીનું નામ છે.
Shall bring (શૅલ બ્રિંગ) લાવશે.
Warm (વૉર્મ) ગરમ.
By (બાઇ) પાસે.
Fire (ફાયર) દેવતા.
Rest (રેસ્ટ) આરામ લેવો.

તે ઘરડા માણસને એક વખતે એક છોકરો હતો, અને આ કુતરો તેનો હતો. પણ તે છોકરો મરી ગયો છે અને હાલ તે કુતરો

તે બુઢ્ઢા માણસ સાથે રહે છે. તે ડોસો કુતરા તરફ માયાળુ છે અને કહે છે કે જ્યાં સુધી તેને રોટલી અને માંસ મળશે ત્યાંસુધી તે કુતરાને તેનો ભાગ મળશે. ચાલો, આપણે જઇએ અને તે ઘરડા માણસને અંદર આવવાનું પુછીએ. જેઇને તેને વાસ્તે કેટલોક ગરમ ખોરાક લાવશે ઘરડા માણસ અંદર આવ અને દેવતા પાસે બેસ અને આરામ લે.

## MORNING AND NIGHT.

Morning (મૉરનિંગ) સવાર.
Night (નાઇટ) રાત.
Bright (બ્રાઇટ) પ્રકાશિત;તેજસ્વી
Sun (સન) સુર્ય; સુરજ.
Is up–ઉગ્યો છે.
Bird (બર્ડઝ) પક્ષીઓ.
Are up–ઉઠયાં છે.
Hard (હાર્ડ) સાંભળો.
Do hear (ડૂ હીઅર) સાંભળોછો?
Sing–ગાતાં.
Do you hear them sing–તમે તેને ગાતાં સાંભળોછો.
Bees (બીઝ) મધમાખો.
Work (વર્ક) કામ.
Are at work–કામ કરવા મંડી છે; કામે લાગી છે.
Have been up–ઉઠી છે.
Time (ટાઇમ) વખત.
A long time–લાંબો વખત થયાં
Make haste (મેઇક હેઇસ્ટ) ઉતાવળ કરો.
That–જેથી કરીને; કે.
May go–જઇએ. [તપાસીએ.
May watch (મે વૉચ)
Them (ધેમ) તેમને.
Hive (હાઇવ) મધપૂડો.
To rise (રાઇઝ) ઉઠવું.
Kneel down (નીલ ડાઉન) ઘુંટણીએ પડવું; ઘુંટણવાળી બેસવું.
Thank (થૅન્ક) ઉપકાર માનો.
God (ગૉડ) પરમેશ્વર.
Has kept (હેઝ કેપ્ટ) સંભાળ લીધી છે.
All (ઑલ) સઘળી.
Through (થ્રુ) માં.
All through the night–આખી રાત.
Him (હિમ) પરમેશ્વરને.
To bless (ટુ બ્લેસ) સુખ

આપવાને; આશિર્વાદ દેવાને.
Safe (સેઇફ) સહીસલામત.
To keep safe–સહીસલામત રાખવાને.
All day long–આખો દહાડો.

---

Is down (ઇઝ ડાઉન) અસ્ત પામ્યો છે
Rod (રેડ) રાતું.
Sky (સ્કાઇ) આકાશ.
West (વેસ્ટ) પશ્ચિમ.
Will be (વિલ બી) થશે.
Soon (સુન) જલદીથી; થોડી વારમાં.
Dark (ડાર્ક) અંધારૂં.
Rest (રેસ્ટ) આરામ.
Are at rest–આરામ લે છે; ઉંઘે છે.
Each one (ઇચ વન) દરેક જણ.
Hides (હાઇડ્ઝ) સંતાડે છે.
Head (હેડ) માથું.
Wings (વિંગ્ઝ) પાંખો.
It is time–વખત થયો છે.
Too (ટૂ) વળી
To say (ટુ સે) કહેવાને.
Good night (ગુડ નાઇટ) રાતની સલામ.

Bed (બેડ) બીછાનું; પથારી.
Do not go to rest–સુવા જતા નહી; આરામ લેતા નહી.
Till (ટિલ) જ્યાં સુધી.
Have knelt (હવ નેલ્ટ) ઘુંટણીએ પડયા છે.
To pray (ટુ પ્રે) પ્રાર્થના કરવી.
To thank (ટુ થેન્ક) આભાર માનવો.
Love (લવ) પ્યાર.
Care (કેઅર) સંભાળ.
But do not go to rest till you have knelt down to pray to God and to thank Him for all his love and care–પરમેશ્વરના સઘળા પ્યાર અને સંભાળને માટે તેનો (પરમેશ્વરનો) આભાર માનવાને, અને તેની (પરમેશ્વરની) પ્રાર્થના કરવાને જ્યાંસુધી તમે ઘુંટણીએ પડો ત્યાંસુધી સુવા જતા નહીં.
To watch (ટુ વૉચ) સંભાળ રાખવી, તપાસ રાખવી.
Will keep safe–સહીસલામત રાખશે.
Harm (હાર્મ) સંકટ; દુઃખ.

Will not fear ( ફીઅર ) બીહીશ નહી

For (ફૉર) કારણકે.

God (ગૉડ) પરમેશ્વર.

Through night (થ્રુ નાઇટ) રાત્રે.

As (ઍઝ) તેમજ.

Light (લાઇટ) રેશની.

While (હ્વાઇલ) જ્યારે.

Sleep (સ્લીપ) ઉંઘવું.

Safe (સેફ) સહીસલામત.

Watch (વૉચ) તપાસ, સંભાળ.

Will keep (કીપ) રાખશે.

Why (હ્વાય) શા વાસ્તે.

Should (શુડ) શૅલનો ભૂતકાળ.

Should fear (શુડ, ફીઅર) બીહીતું જો એ

When (હ્વેન) જ્યારે.

---

## THE PET BIRD.

## વ્હાલું પક્ષી.

Jane (જેઇન) છોકરીનું નામછે.

Jane had–જેઇન પાસે હતું.

Pet (પેટ) વહાલું, માનીતું.

That (ધેટ) જે.

Kept (કેપ્ટ) રાખતી.

Cage (કેઇજ) પાંજરૂં.

So (સો) એવું

Tame (ટેઇમ) હળી ગએલું.

That (ધેટ) કે.

Would come (વુડ કમ) આવતું.

To be fed (ટુ બી ફેડ) ખાવાને.

Her (હર) તેણીના.

Hand (હૅન્ડ) હાથ.

It would come to be fed from her hand–તે તેણીના હાથમાંથી ખાવાને આવતું.

Now and then (નાઉ ઍન્ડ ધેન) વારંવાર.

Would let out (વુડ લેટ આઉટ) બહાર કાઢતી.

Would sit–બેસતું

Top (ટૉપ) મથાળું.

(Would) fly (ફ્લાય) ઉડતું.

Round (રાઉન્ડ) આસપાસ.

Room (રૂમ) ઓરડો.

Liked best (લાઇક્ડ બેસ્ટ) ઘણીજ વ્હાલી હતી; ઘણુંજ પસંદ હતું.

To feed (ફીડ) ખવરાવવાને.

No one (નો વન) કોઈ નહીં.

Else (એલ્સ) બીજું.

Fed (ફેડ) ખવડાવતું.
No one else fed the bird but her–તેણીના સિવાય કોઇ પક્ષીને ખવાડતું નહી.
But (બટ) સિવાય.
One day–એક દિવસ.
Aunt (આન્ટ) કાકી.
Sent (સેન્ટ) મોકલી.
Box (બૉકસ) પેટી, ડાબડો.
Toys (ટોઇઝ) રમકડા.
New (ન્યૂ) નવા.
Was pleased (વૅઝ પ્લીઝડ) ખુશી થઇ.
Played (પ્લેઇડ) રમ્યા કીધું.
All day (ઑલ ડે) આખોદહાડો.
That day–તે દહાડે.
Did feed–ખવડાવ્યું.
Did not feed (ફીડ) ખવડાવ્યું નહી.
Next (નેક્સ્ટ) બીજે.
Friend (ફ્રેન્ડ) સ્નેહી, સાહેલી.
To see–મળવાને.
Once more (વન્સ મોર) એકવાર ફરીથી.
Got (ગૉટ) મેળવ્યો, મળ્યો.
Food (ફુડ) ખોરાક.

Third (થર્ડ) ત્રીજે.
Did care–દરકાર કીધી.
Did not care (ડીડ નૉટ કેર) દરકાર કીધી નહી. [બધી.
So much (સો મચ) એટલી
Went (વેન્ટ) ગઇ.
Cage (કેઇજ) પાંજરૂં.
Nice (નાઇસ સુંદર, મજેના.
Seed (સીડ) બી, બીજ.
Lay (લે) પડેલું હતું; પડયું હતું.
Dead (ડેડ) મુએલું. [હતું.
Had died હૅડ ડાઇડ)મરી ગયું
Want (વૉન્ટ) તંગી.
What (વૅાટ) કેવું.
Pain (પેઇન) દુ:ખ.
Must have felt (મસ્ટ હૅવ ફેલ્ટ) લાગ્યું હશે.
Girls (ગર્લ્સ) છોકરીઓ.
Keep in mind (કીપ ઇન માઇન્ડ) ધ્યાનમાં રાખવું; યાદ રાખવું.
Sad (સૅડ) દીલગીરી ભરેલી.
Tale (ટેઇલ) વાર્તા.
Minds (માઇન્ડઝ) ધ્યાન; મન.
Be kind–મ યાળુ થાઓ.
Pets (પેટસ) વહાલા, લાડકાં.

જેઇન પાસે એક પક્ષી હતું, જેને તે પાંજરામાં રાખતી. તે એટલું તો હળી ગએલું હતું કે તેના હાથમાંથી ખાવાને આવતું. વારંવાર તે તેને બ્હાર કાઢતી; અને તે પાંજરાના મથાળા ઉપર બેસતું અને ઓરડાના આસપાસ ઉડતું. તેણી તેને ખવડાવવાનું ઘણીજ ચ્હાતી હતી તેથી તેણીના સિવાય બીજું કોઇ પક્ષીને ખવડાવતું નહી. એક દિવસે તેની કાકીએ નવા રમકડાંની એક પેટી તેને સારૂ મોકલી. તે તેને જોઇને એટલી તો ખુશી થઇ કે તેની સાથે આખો દહાડો રમ્યા કીધું. તે દહાડે જેઇને પોતાના પક્ષીને ખવડાવ્યું નહી. બીજે દિવસે એક સાહેલી જેઇનને મળવાને આવી, અને એકવાર ફરીથી તે ગરીબ પક્ષીને ખોરાક મળ્યો નહી. જેઇન અને તેની સાહેલી આખો દિવસ રમકડાંની પેટી સાથે રમ્યાં કીધું. ત્રીજે દિવસે જેઇને રમકડાંની આટલી બધી દરકાર કીધી નહી અને એકવાર ફરીથી પોતાના પક્ષી સાથે રમવાને ગઇ. તે થોડા મજેના બી લઇને તેને આપવાને ગઇ. પણ તે ગરીબ પક્ષી પાંજરામાં મુએલું પડેલું હતું. તે ખોરાકની તંગીને લીધે મરી ગયું હતું. અરે તેને કેટલું બધું દુઃખ લાગ્યું હશે! છોકરાઓ અને છોડીઓ આ દીલગીરીભરેલી વાત તમારા ધ્યાનમાં રાખજો અને તમારા વ્હાલા તરફ માયાળુ થજો.

## THE BIRD IN THE WOODS.

### જંગલ માંહેલું પક્ષી.

Would be shut (વુડ બી શટ) બંધ થઇશ; ગોંધાઇશ.
Cage (કેઇજ) પાંજરૂં
Though (ધો) જો કે.
Gold (ગોલ્ડ) સોનું.
Should be (શુડ બી) હોય હશે.
Love best (લવ, બેસ્ટ) ઘણું ગમે છે.
Woods (વુડ્ઝ) જંગલો.
To sing (સિંગ) ગાવું.
From tree to tree—એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર.

જો કે તે સોનાનું હશે તોપણ હું પાંજરામાં ગોંધાઇ રહેવા ઇચ્છતો નથી. મને જંગલોમાં ગાવાનું અને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર ઉડવાનું ઘણું ગમે છે.

## LITTLE PUSSY

## ન્હાની બિલાડી.

Love (લવ) ચાહું છું
Little (લિટલ) ન્હાની.
Pussy (પુસિ) બિલાડી
Coat (કોટ) વાળની ચામડી, શરીરનું ઢાંકણ
Warm (વૉર્મ) ગરમ; હુંફાળી.
Don't-Do not. [દેવું
Hurt (હર્ટ) ઇજા કરતી; દુઃખ
She'll-She will.
Harm (હાર્મ, નુકશાન.
She'll do me no harm -તેણી મને ઇજા કરશે નહી
I'll-I will
Pull (પુલ) ખેચવું.
Tail (ટેઇલ) પુંછડી.
Nor (નૉર) અને નહી.
Drive (ડ્રાઇવ) હાંકી કાઢવું
Away (અવે) દુર.
Very (વરી) ઘણી
Gently (જેન્ટલિ) ધીમેથી નરમ.સથી
Will play (વિલ પ્લે) રમીશ.
By my side-મારી બાજુ.

I will give-હું આપીશ.
Will love-ચ્હાશે
Because (બીકૉઝ) કારણ કે.
Good (ગુડ) ભલી

---

## MY PUSSY.

## મ્હારી બિલાડી.

Oh (ઓહ) અરે.
Here (હીઅર) અહીંઆં.
Miss Pussy (મિસ પુસિ) બિલાડીનુ બચ્ચું.
She's-She is
Is drinking (ઇઝ ડ્રિન્કિંગ) પીએ છે.
Milk (મિલ્ક) દુધ
Coat (કોટ) વાળની ચામડી, શરીરનું ઢાંકણુ.
Soft (સૉફ્ટ) નરમ.
Glossy (ગ્લૅાસિ) ચળકતી
Silk (સિલ્ક) રેશમ.
Sips (સિપ્સ) ચાટે છે; ચુસે છે.
Lap lap (લૅપ લૅપ) જીભ.
Then (ધેન) ત્યાર પછી.
Wiping (વાઇપિંગ) લુછીને.
Whiskers (હ્વિસ્કર્સ) મુછના વાળીઆ.

Lies down (લાઇઝ ડાઉન)
Nap (નૅપ) ઉંઘ. [સુએ છે.
Kitty (કિટિ) બિલાડીનું બચ્ચું.
Gentle (જેન્ટલ) ગરીબ.
Right well ( રાઇટ વેલ ) બરાબર સારી રીતે; ખરેખરી સારી રીતે
Funny (ફનિ) રમુજી, ગમતી.
Sure (શ્યુર) ખાતરીથી.
I am sure-મને ખાતરી છે.
I can't-I can not.
I can tell-હું કહી શકતો નથી; મારાથી વર્ણન થતું નથી
Under (અન્ડર) નીચે.
Sofa (સોફા) કોચ.
Table (ટેબલ) મેજ.
Bo-peep (બો પીપ) નાસો ગોસો, અટુક
Able (એબલ) શક્તિવાન.
As well as she is able —જેમ તેનાથી બને છે તેમ.
Dearly (ડીઅરલિ) પ્યારથી.
Never (નેવર) કદી નહી.
Did see—જોયું હોય,
Two (ટુ) બે.
Happier (હૅપીઅર) વધારે સુખી.
Play mates ( પ્લે મેઇટસ ) સાથે રમનારા, સોબતીઓ.
Than (ધૅન) કરતાં,

---

## A WEEK AT THE FARM.

## ખેતરમાં કાઢેલું એક અઠવાડીઉં.

Week (વીક) અઠવાડીઉં.
Farm (ફાર્મ) ખેતર.
Jane (જેઇન) છોકરીનું નામછે.
Has been (હૅઝ બિન) રહી આવી છે
For (ફાર) સુધી.
Where (વ્હેઅર) જ્યાં
Aunt (આન્ટ) કાકી.
Lives (લિવ્ઝ) રહે છે.
Has come (હૅઝ કમ) આવીછે.
Back (બૅક) પાછી
Much (મચ) ઘણું.
To tell (ટુ ટેલ) કહેવાનું.
Saw (સૉ) જોયું.
Each day (ઇચ ડે) દરરોજ.
Maid ( મેઇડ ) કન્યા; કુમારી છોડી; દાસી
To milk (મિલ્ક) દુધ દોહવું.
Gave (ગેઇવ) આપતી.

Drink (ડ્રિંક) પીવાનું.
Nice (નાઇસ) સુંદર.
Warm (વૉર્મ) ગરમ.
Ducks (ડક્સ) બતકો.
(to) swim (સ્વિમ) તરવું
Pond (પૉન્ડ) તળાવ.
Used to throw (યૂઝ્ડ ટુ થ્રો) નાંખતી.
Bits (બિટ્સ) કકડા.
Bread (બ્રેડ) રોટલી.
Them (ધેમ) તેમને.
Time (ટાઇમ) વખત.
Sight (સાઇટ) દેખાવ.
How fast–કેવી ઝડપથી.
Would swim (વુડ સ્વિમ) તરતાં.
To get–મેળવવાને.
Each day–દરરોજ.
Too–વળી.
Helped (હેલ્પડ) મદદ કરતી.
To feed (ટુ ફીડ) ખવાડવાને.
Hens (હેન્સ) મરઘીઓ.

---

Fear (ફીઅર) ધાસ્તી; બ્હીક.
Close up (ક્લોઝ અપ) છેક પાસે
Picked up (પિક્ડ અપ) ઉચકી લેતાં.

Crumbs (ક્રમ્ઝ) રોટલીના કકડા.
As fast as–જેટલી ઝડપથી તેટલી.
Let fall–પડવા દેતી; નાંખતી.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Grass park (ગ્રાસ પાર્ક) ઘાસનું મેદાન
Sheep (શીપ) મેઢાં Sing શીપ.
Snow (સ્નો) બરફ.
White (વ્હાઇટ) સફેદ.
Snow white (સ્નો વ્હાઇટ) બરફ જેવાં સફેદ.
Lambs (લૅમ્બ્ઝ) મેઢાંનાં બચ્ચાં.
Played (પ્લેઇડ) રમતાં હતાં.
Soft (સૉફ્ટ) નરમ.
Green (ગ્રીન) લીલી.
Grass (ગ્રાસ) ઘાસ.
First time (ફર્સ્ટ ટાઇમ) પહેલી વખત.
Had been (હૅડ બીન) રહી આવી હતી.
Next time (નેક્સ્ટ ટાઇમ) બીજી વખત.
Fred (ફ્રેડ) છોકરાનું નામ છે.
Are to go–જવાના છે.

---

જોહન ખેતર જ્યાં તેની કાકી રહે છે ત્યાં એક અઠવાડીઉં જઇ આવીછે. હમણાં તે પાછી આવી છે; અને જે તેણીએ જોયું તે વિષે ઘણું કહેવાનું છે. દરરોજ તેણી દાસીને (કન્યા) ગાયો દોહતી જોવાને જતી અને તે દાસી સુંદર ગરમ દુધ પીવાને આપતી. તે તળાવમાં બતકોને તરતી જોતી; અને તે તેમની આગળ રોટલીના કકડા નાંખતી. રોટલી મેળવવાને કેટલી ઝડપથી તેઓ તરતાં તે જોવાને જેઇનને ઘણું ગમતું હતું દરરોજ, વળી જેઇને પોતાની કાકી સાથે જતી, અને મરઘીઓને ખવડાવવાને તેણીને મદદ કરતી. મરઘીઓને કંઇ ધાસ્તી નહોતી. તેઓ તેની છેક નજદીક આવતી, અને જેટલી ઝડપથી તે રોટલીના કકડા જમીન ઉપર નાંખતી તેટલી ઝડપથી તેઓ તે ઉચકી લેતી. વળી તે ઘાસના મેદાનમાં જતી અને ત્યાં તે ઘેટાં અને બરફ જેવાં સફેદ ઘેટાંનાં બચ્ચાંને જેવા તેઓ નરમ લીલી ઘાસ ઉપર રમતાં તેવાં જોતી જેઇન ખેતરમાં પેહલી વખતજ રહી હતી. બીજી વખત ટોમ અને ફ્રેડ તેની સાથે જવાના છે.

## THE OWL

ઘુવડ.

Owl (આઉલ) ઘુવડ.

Is called (ઇઝ કૉલ્ડ) કહેવાય છે.

The bird of night–રાતનું પક્ષી.

Light (લાઇટ) અજવાળું.

Too strong (ટુ સ્ટ્રૉન્ગ) એટલું બધું ભારે કે ખમાય નહીં.

Too bright (ટુ બ્રાઇટ) એટલું બધું પ્રકાશિત કે જોવાય નહીં.

Eyes (આઇઝ) આંખો.

So he sits–તેથી કરીને તે બેસેછે

All day long–આખો દહાડો.

Hid (હિડ) સંતાઇને; છુપાઇને.

Hole (હોલ) બાકું, કાણું; દર.

Wall (વૉલ) દીવાલ.

Out of sight (સાઇટ) દેખાય નહીં તેમ.

As soon as–જેવી કે તરતજ. જેવું–તેવું.

It is night–રાત પડે છે.

Comes out (કમ્સ આઉટ) બાહેર આવે છે.

Flies (ફ્લાઇઝ) ઉડે છે.

Round and round (રાઉન્ડ

ઍન્ડ રાઉન્ડ) ગોળ ચક્કરમાં.
Search (સર્ચ) શોધ.
Mice (માઇસ) ઉંદરો
Small (સ્મૉલ) નાનાં.

---

Wings (વિંગ્ઝ) પાંખો.
Do not make–કરતી નથી.
Noise (નૉઇઝ) અવાજ; ઘોંઘાટ.
So (સો) તેથી.
Do not hear (હીઅર) સાંભળતા નથી.
Till (ટિલ) જ્યાં સુધી.
Till he is quite near–જ્યાંસુધી તે છેક પાસે આવે ત્યાંસુધી
Know (નો) જાણે છે.
Great fear (ગ્રેટ ફીઅર) મોટી ધાસ્તી.
[કાઢે છે.
Find out (ફાઇન્ડ આઉટ) શોધી
At day–દિવસે.
Peck at (પેક ઍટ) ચાંચથી ઠુપે છે
Their (ધેર) તેઓના.
Might (માઇટ) જોર.
With all their might–તેઓના સઘળા જોરથી.
Half (હાફ) અર્ધો.
Blind (બ્લાઇન્ડ) આંધળો.
To fight (ટુ ફાઇટ) લડવું.
Poor (પૂઅર) ગરીબ
Fly back (ફ્લાઇ બૅક) પાછું ઉડ.
Hole (હોલ) દર, બાકું.
As fast as you can–જેમ તમારાથી બને તેટલી ઝડપથી.

ઘુવડ એ રાતનું પક્ષી કહેવાય છે. દિવસનું અજવાળું તેની આંખ માટે એટલું બધું ભારે કે ખમાય નહી અને એટલું બધું પ્રકાશિત કે જોવાય નહી. તેથી તે આખો દિવસ દેખાય નહી તેમ ઝાડમાં અથવા દીવાલનાં બાકામાં સંતાઇને બેસે છે. જેવી રાત પડે છે કે તરતજ તે બાહેર આવે છે અને ઉંદરો અને નાના પક્ષીઓની શોધમાં ગોળ ચક્કર ફરે છે. જ્યારે તે ઉડે છે ત્યારે તેની પાંખો અવાજ કરતી નથી. તેથી ઉંદરો અને પક્ષીઓ જ્યાં સુધી તે છેક પાસે આવે છે ત્યાંસુધી સાંભળતા નથી. પક્ષીઓ તેને સારી પેઠેમ ઓળખે છે અને તેનાથી ઘણા બીહે છે, જ્યારે તેઓ તેને દિસે શોધી કાઢે છે ત્યારે તેઓ આવે છે અને તેઓના સઘળા જોરથી ચાંચથી ઠુપે છે, તે વખતે તે અર્ધું આંધળું હોય છે. અને તેમની સાથે કેવી રીતે લડવું તે જોઇ શકતું નથી. જૂઓ કેવા તેઓ તેને ચાંચથી ઠુપે છે. ગરીબ ઘુવડ? જેમ તારાથી બને તેટલી ઝડપથી તારા દર ભણી ઉડ,

## THE PET GOAT.

વ્હાલો બકરો.

Ann (ઍન) છોકરીનું નામ છે.
Pet (પે.) વ્હાલો.
Goat (ગોટ) બકરો.
Long (લૉન્ગ) લાંબી.
Beard (બીઅર્ડ) દહાડી.
Horns (હૉર્ન્સ) શીંગડા.
Liked (લાઇક્ડ) ચહાતા.
To feed—ખવડાવવાને.
Nan (નૅન) બકરાનું નામ.
Would call (વુડ કૉલ) બોલાવતી; બોલાવે.
At once—(વન્સ) એકદમ.
Would look up (વુડ લુક અપ) જોતો.
Face (ફેઇસ) ચહેરો.
As if—જાણે કે.
To thank (ટુ થૅન્ક) ઉપકાર માનવાને
Had brought (હૅડ બ્રોટ) લાવી હતી.
It would look up in her face, as if to thank her for the good food she had brought to it જે સારો ખોરાક તેણી તેને વાસ્તે લાવી હતી તેને માટે જાણે કે તે તેણીનો આભાર માનતો હોય એમ તેના સામું (તેના ચહેરા સામું) જોતો.
Work (વર્ક) કામ.
House (હાઉસ) ઘર.
Would go (વુડ ગો) જતી.
Would play (વુડ પ્લે) રમતી
When Ann had no work to do in the house—જ્યારે એનને ઘરમાં કાંઇ કામ નહી હોય ત્યારે.

---

Liked to play—રમવાને ચહાતો.
Else (એલ્સ) બીજું.
It would go...else—તે તેની પાસે જતો અને બીજા કોઈ પાસે જતો નહી.
Knew (ન્યુ) જાણતો.
Who (હુ) કોણ.
Kind (કાઇન્ડ) માયાળુ.
Keep in mind—ધ્યાનમાં રાખો.
Mind (માઇન્ડ) ધ્યાન.

Will find ( વિલ ફાઇન્ડ ) માલમ પડશે. [શીખશે.
Will learn ( વિલ, લર્ન )

Soon (સૂન) જલદીથી.
Love (લવ) પ્યાર; હેત.
Wins (વિન્સ) જીતે છે.

Be kind to your pets...you–તમારા વ્હાલાં પ્રાણી ઉપર માયાળુ થાઓ અને તમને માલમ પડશે કે તેઓ થોડીવારમાં તમને ચ્હાતાં શીખશે.

Love wins love–પ્યાર પ્યારને મેળવે છે.

THE STORM તોફાન.

Has been–થયું છે.
Wild (વાઇલ્ડ) જબરૂં; જંગલી,
Storm (સ્ટૉર્મ) તોફાન.
Ship (શિપ) વ્હાણ.
Wreck (રેક) ભાંગેલું વહાણ.
Is a wreck–ભાગ્યું છે.
Do you see–તમે જુઓ છો ?
Men (મેન) માણસો.
Cling (ક્લિંગ) વળગે છે.
Mast (માસ્ટ) વહાણનો ડોલ, અથવા કુવો.
Life boat (લાઇફ બોટ) ડુબતાં માણસોને કાઢવાનો મછવો.
Has been sent out (સેન્ટ) મોકલવામાં આવ્યા છે.
To save (સેવ) બચાવવાને.
Try (ટ્રાય) કોશિસ કરે છે.
To reach (રીચ) પ્હોંચવાને.
Shore (શોર) કિનારો.
Row (રો) હલેસાં મારો.

Lives (લાઇવ્ઝ) જીંદગાની.
For your lives–તમારી જીંદગાની બચાવવાને.
Seems (સીમ્ઝ) દેખાય છે.
To sink (સિન્ક) ડૂબવું; ડૂબતી.
Waves (વેવ્ઝ) મોજાં.
Down goes–નીચે જાય છે.
Once more ( વન્સ મોર ) એકવાર વધારે, એકવાર ફરીથી.
Top (ટૉપ) મથાળુ; ટોચ
Pull (પુલ) ખેંચો; હલેસાં મારો.
Here (હીઅર) અહીંઆં.
Safe (સેફ) સહીસલામત.
Wreck (રેક) ભાંગેલું વહાણ.
Atlast (ઍટલાસ્ટ) આખરે.
Are saved ( આર સેવ્ડ ) બચ્યાં છે.
Kneel down (નીલ ડાઉન) ઘુંટણ મરડીને બેસો.
Thank (થૅન્ક) આભાર માનો.
Has saved ( હૅઝ સેવ્ડ ) બચાવ્યા છે. ..

જબરૂં તોફાન થયું છે અને સારૂં વહાણુ ભાંગ્યું છે માણુસો વહાણુના ડોળને કેવી રીતે વળગે છે તે તમે જુઓ છો? ડુબતાં માણુસોને કાઢવાનો મછવો તેઓને બચાવવાને મોકલવામાં આવ્યો છે; અને તેઓમાંના કેટલાંક તેમાં છે. તેઓ કિનારે પુગવાની કોશેશ કરે છે. માણુસો હલ્લેસાં મારો; તમારી જીંદગી બચાવવાને માટે હલ્લેસાં મારો. જુઓ, તે હોડી મોજામાં ડુબતી દેખાય છે, તે નીચે, નીચે જાય છે. અરે તે ગરીબ માણુસો! પણુ જુઓ, ત્યાં તે એકવાર ફરીથી દેખાય છે! તે મોજાં ઉપર છે. હવે તે કીનારા પાસે આવે છે. ખેંચો માણુસો ખેંચો, તે આ રહી! હોડી કીનારાપર છે અને માણુસો સહીસલામત છે! તે હોડી એકવાર ફરીથી ભાંગેલા વહાણુ પાસે જાય છે અને આખરે સઘળાં ગરીબ માણુસો બચ્યાં છે. માણુસો ઘુંટણીએ પડો અને પરમેશ્વર જેણે તમને તોફાનમાંથી બચાવ્યા છે તેનો આભાર માનો

## ON INSTINCT.

### પ્રેરણા બુદ્ધિ વિષે.

**Instinct** (ઇનસ્ટિંક્ટ) પ્રેરણા બુદ્ધિ.
**Taught** (ટૉટ) શિખવ્યું.
**To build** (બિલ્ડ) બાંધવાને.
**Nest** (નેસ્ટ) માળો.
**Wool** (ઉવુલ) ઉન.
**Hay** (હે) સુકુ ઘાસ.
**Moss** (મૉસ) લીલ.
**To weave** (વીવ) વણુવાને.
**Best** (બેસ્ટ) ઉત્તમ રીતે
**Lay** (લે) મૂકવી.
**Twigs** (ટિવગ્ઝ) ડાળીઓ.
**Across** (ઍક્રૉસ) આડીઅવળી.
**Busy** (બિઝિ) ઉદ્યોગી.
**Amongst** (અમૉંગસ્ટ) માં.
**Sweetest** (સ્વીટેસ્ટ) સૌથી મીઠાં
**Flowers** (ફ્લાવર્સ) ફુલો.
**Lay by** (લે બાઇ) ભરી રાખવું. એકઠું કરવું
**Store** (સ્ટોર) જથ્થો.
**Honey** (હની) મધ.
**Winter** (વિન્ટર) શિયાળો.
**Hours** (અવર્સ) કલાકો.

And lay her store...... hours—અને શિયાળાના દિવસમાં ખાવાને મધનો જથ્થો ભરી રાખવાને.
Ants (આન્ટ્સ) કીડીઓ.
Way (વે) રીત.
Their (ધેર) તેઓના.
Narrow (નૅરો) સાંકડું.
Holes (હોલ્ઝ) બાકાં.
To bore ( ટુ બોર ) કાણું પાડવું.
Through (થ્રુ) માંથી.
Pleasant (પ્લેઝન્ટ) ખુશનુમાં.
Summer (સમર) ઉનાળો.
To gather up (ટુ ગૅધર અપ)
Who taught the little ants the way their narrow holes to bore and through the pleasant summer day to-gather up their store—નાની કીડીઓને તેઓના સાંકડાં દર પાડવાને અને ઉનાળાના ખુશનુમાં દિવસમાં તેઓનો ભંડર ભરવાને કેણે શીખવ્યું ?
'twas—It was.
Taught (ટૉટ) શીખવ્યું.
Skill (સ્કિલ) બુદ્ધિ.

Teaches (ટીચીઝ) શિખવે છે.
Children (ચિલડ્રન) છોકરાઓ.
Pray (પ્રે) પ્રાર્થના કરે છે.
To do—અમલવવાને.
Holy (હોલિ) પવિત્ર.
Will (વિલ) મરજી; ઇચ્છા

## THE GREAT JUMP.

### મોટો કુદકો.

Ben (બેન) છોકરાનું નામ છે.
May (મે) છોકરીનું નામ છે.
Twins (ટિવન્સ) જોડે જન્મેલા બચ્ચાં.
They were of the same age—તેઓ એકજ ઉમરનાં હતાં.
Means (મીન્સ)એનો અર્થ એકે.
They (ધે) તેઓ.
Same (સેઇમ) એકજ.
Age (એઇજ) ઉમર.
So tall (સો ટૉલ) એટલી ઉંચી.
So strong (સો સ્ટ્રૉંગ) એટલી મજબુત.
Thought (થૉટ) વિચાર્યું.
Learned (લર્ન્ડ) શીખી.
Than (ધૅન) કરતાં.
Could jump (કુડ, જમ્પ) કૂદી શકતાં

Step (સ્ટેપ) પગથીયું.
Stair (સ્ટેર) દાદર.
At a time–એકી વખતે
Held (હેલ્ડ) પકડતો.
Rail (રેઇલ) કઠેરો.
Proud(પ્રાઉડ) મગરૂર; અહંકારી
Could–Could jump.
Just four years old–ચાર વર્ષના થયા ત્યરે.
Years (યીયર્ઝ) વર્ષો.
Would be–થઇશ
Big (બિગ) મોટો.
Boy (બોય) છોકરો.
Fit (ફિટ) લાયક.
School (સ્કૂલ) નિશાળ.
Fit for school–નિશાળે જવા લાયક.
To talk (ટુ ટૉક) વાત કરવી
To boast (ટુ બોસ્ટ) મગરૂરી કરવી; ફીસીઆરી મારવી.
Things (થિંગ્ઝ) ચીજો.
Which (ઉવિચ્ચ) જે.
Wise (ઉવાઇઝ) ડાહ્યો.
Would have said (ઉવુડ હેવ સેઇડ) કહેત.
Can jump (કૅનજમ્પ) કૂદી શકે છે.

A great way (એ ગ્રેટ ઉવે) ઘણે લાંબે.
Cried (ક્રાઇડ) કહ્યું.
Now (નાઉ) હમણા.
Four steps (ફોર સ્ટેપ્સ) ચાર પગથિયાં.
Hold (હોલ્ડ) પકડવું.
At all–તદન.
Dear (ડિઅર) વ્હાલા.
Must not try (મસ્ટ નૉટ ટ્રાઇ) યત્ન કરવો જોઇએ નહીં.
Great jump (ગ્રેટ જમ્પ) મ્હોટો કુદકો.
Such (સચ) એવો.
As that–આના જેવો.
Must wait (મસ્ટ ઉવેઇટ) થોભવું જોઇએ.
Too wise (ટૂ ઉવાઇઝ)ઘણી ડાહી.
To boast (ટુ બોસ્ટ) ફીસીઆરી મારવાને.
I am sure (સ્યુર) મારી ખાત્રીછે
Can–Can (jump)
Much more–ઘણું વધારે.
Can–Can (do)
Just now (જસ્ટ નાઉ) હમણાંજ.
Ran up (રૅન અપ) ઉપર ચઢ્યો.

Looked down (લુક્ડ ડાઉન) નીચે જોયું.
High (હાઇ) ઉંચી.
Place (પ્લેઇસ) જગ્યા.
Smile (સ્માઇલ) ગાલમાં હસવું તે.
With a smile–હસીને.
Think (થિન્ક) વિચારવું
As you may think–તમે ધારો તેમ; તમારા ધારવા પ્રમાણે.
Cried (ક્રાઇડ) બુમ પાડી કહ્યું
Nose (નોઝ) નાક.
Feet (ફીટ) પગો.
Was hurt (વૉઝ હર્ટ) ઇજા થઇ હતી.
How fast–કેટલી ઝડપથી.
Bled (બ્લેડ) લોહી નીકળ્યું.
Roared (રોઅર્ડ) બૂમ પાડી
Pain (પેઇન) દુઃખ; દરદ.
Loud (લાઉડ) મોટેથી.
Bull (બુલ) આખલો; ગોધો.
To help (ટુ હેલ્પ) મદદ કરવાને
Aunt Jane (આન્ટ જેઇન) જેઇન ફોઇ.
Had heard (હૅડ હર્ડ) સાંભળી હતી.
Roar (રોઅર) બૂમ.
Though (ધો) જો કે.
Own (ઓન) પોતાના.
Room (રૂમ) ઓરડો.
Door (ડૉઅર) બારણું.
Shut (શટ) બંધ.
Could have heard (કુડ હૅવ હર્ડ) સાંભળી શકી હોત.
Through (થ્રૂ) માંથી.
Three (થ્રી) ત્રણ.
Washed (વૉશ્ડ) ધોયું
Bound up (બાઉન્ડ અપ) પાટો બાંધ્યો
Face (ફેઇસ) ચ્હેરો.
Had put (હૅડ પુટ) મુકયું હતું.
Oil (ઑઇલ) તેલ.
Did not get well સારૂં થયું નહી.
For a long time–લાંબા વખત સુધી.
Nearly (નીઅરલિ) લગભગ.
Big (બિગ) મ્હોટું.
Pear (પેર) જમરૂખ, પેર.
As red–જેવુંજ રાતું.
Comb (કોમ) માંજર.
Cock (કૉક) મરઘો.
Week (વીક) અઠવાડીયું.
Do you not hope–શું તમે આશા રાખતા નથી; શું તમે ધારતા નથી.

Taught (ટૉટ) શીખવ્યું.
Less (લેસ) થોડી, ઓછી.
To think (ટુ થિંક) વિચાર કરવો.
Yet (યેટ) હજુ સુધી.
Wise (ઉવાઇઝ) ડાહ્યો.
Got (ગૉટ) મેળવી.
Sense (સેન્સ) અક્કલ; બુદ્ધિ.
Head (હેડ) મગજ.
By the time-જે વખતે.
Came to be five-પાંચ વર્ષનો થવા આવ્યો.
Grief (ગ્રીફ) દલગીરી.
Who (હુ) જે.
Brags (બ્રૅગ્ઝ) પતરાજી કરે છે. ફીસીઆરી મારે છે.
The most (મોસ્ટ) ઘણી.

બેન અને મે જોડે જન્મેલાં હતાં; એનો અર્થ એ કે તેઓ એકજ ઉમરનાં હતાં, મે બેન જેટલી ઉંચી નહોતી, અને તે એટલી જોરાવર નહોતી; પણ એ વધારે વિચારતી, વધારે શીખતી, અને બેન કરતાં વધારે કરતી. બેન એકી વખતે દાદરનું એક પગથીયું કુદી શકતો. જ્યારે તે કઠેરાની ટોચ પકડતો ત્યારે એકી વખતે બે પગથીઆં કુદી શકતો. બેન મગરૂર હતો કે હું મે કરતાં વધારે કુદી શકું છું. જ્યારે બેન અને મે બરાબર ચાર વર્ષના થયાં ત્યારે બેને વિચાર્યું હું નિશાળે જવા લાયક જલદીથી મોટો છોકરો થઇશ. તેને વાતો કરવાનું અને પતરાજી મારવાનું ગમતું અને તેથી બેન કોઈ ડાહ્યો છોકરો ન કહે તેવી વાતો કહેતો.

બેને કહ્યું હું કુદી શકું છું-હું ઘણે લાંબે કુદી શકું છું. હવે હું ચાર વર્ષનો થયો છું તેથી કઠેરાની ટોચ પકડયા વગર ચાર પગથીઆં એકી વખતે કુદી શકું છું.

મે કહ્યું અરે નહીં વ્હાલી બેન. હું આપણે તે એવા મોટા કુદકાનો યત્ન કરવો જોઇએ નહી. જ્યાં સુધી આપણે ઉંચા અને જોરાવર થઇએ ત્યાં સુધી રાહ જોવી જોઇએ. કારણ કે મે એટલી બધી ડાહી હતી કે પતરાજી કરી નહી.

મગરૂર બેને કહ્યું હું એકી વખતે ચાર પગથીઆં કુદી શકું છું. મારી ખાત્રી છે કે હું કુદીશ! હું તું કરી શકે તેના કરતાં વધારે કરી શકું છું; કારણ કે તું તો માત્ર છોકરી છે, અને હું એક છોકરો છું. મોટો જોરાવર છોકરો. હમણાંજ જો હું કેવો કુદી શકું છું

બેન ચાર પગથીઆં ઉપર ચઢયો અને મે તરફ હસીને ઉચી જગ્યાએથી જોયું "તે એકવાર ફરીથી બોલ્યો કે હું કેવો કુદું છે તે હમણાજ જો." બેન ચાર પગથીઆં નીચે કુદયો પણ તમે ધારો તેમ તે ઉભે પગે નહી પણ ઉંધે માથે પડયો! અરે તેના નાકને કેટલી ઇજા થઇ હશે! તેમાથી કેટલી ઝડપથી લોહી નીકળતું હતુ! ગરીબ બેને દુઃખથી બુમ પાડી, તેને મોટેથી બુમ પાડી. તેને આખલાની આફક બુમ પાડી. મે તેને મદદ કરવાને દોડી ગઈ, અને જેન કાકી જોકે બંધ કરીને પોતાના ઓરડામાં બેસી હતી તે પણ તેની બુમ સાંભળતી હતી તેણે પણ તેમજ કીધું (એટલે મદદ કરવાને દોડી ગઇ). તે તેને બે અથવા ત્રણ બારણામાં થઇને પણ સાંભળી શકી હોત. જેઇન કાકીએ ગરીબ બેનનું નાક ધોયું, અને તેને સાજુ કરવાને તેના ઉપર જરા તેલ મુકીને તેના મોઢા ઉપર પાટો બાંધ્યો. પણ તે ઘણા વખત સુધી સાજુ થયું નહી. તે બિચારૂ નાક લગભગ જમરૂખના જેવડું મોટું અને મરધાની માંજર જેવું લાલ એક અથવાડીયા કરતાં વધારે વખત રહ્યું. શું તમે આશા રાખતાં નથી કે તે દુઃખે બેનને ઓછી પતરાજી કરવાને અને વધારે વિચાર કરવાનુ શીખવ્યું? તમે જુઓ છો કે જો કે તે ચાર વર્ષનો થયો તોપણ તે ડાહયો છોકરો નહોતો. આપણે આશા રાખીએ છીએ ગરીબ બિચારો બેન જે વખતે પાંચ વર્ષનો થવા આવ્યો તે વારે તેને વધારે અક્કલ આવી હોત. વાત કરવાને ચહાતો નહી, પતરાજી કરવાને ચહાતા નહી; જે ઘણી ફીશીઆરી મારે છે તેને દીલગીરી આવી પડે છે. ( એટલે કે વધારે દુઃખી થાય છે )

## FRISK AND NED.

## ફ્રિસ્ક અને નેડ.

Frisk (ફ્રિસ્ક) છોકરાનું નામ છે.
Ned (નેડ) છોકરાનું નામ છે.
Ned has been at play—નેડે રમ્યા કીધું છે.
Till (ટિલ) જ્યાં સુધી.
Quite (ક્વાઇટ) તદ્દન.
Is worn out (ઇઝ વૉર્ન આઉટ) થાકી ગયો છે.
Step (સ્ટેપ) પગથીયું.
Goes to sleep (ગોઝ ટુ સ્લીપ) ઉંઘી જાય છે.
Brisk (બ્રિસ્ક) ચંચળ; ચાલાક.
As brisk as a bee—મધમાખની જેટલો ચાલાક.
Ears (ઇઅર્સ) કાનો.
Up—ઉભા (રાખીને)
Look......up—જ્યારે તે તેના કાન ઉભા રાખીને બેસે છે ત્યારે તેને જુઓ.
Seems (સીમ્ઝ) દેખાય છે.
Keep watch (કીપ વૉચ) સંભાળ રાખવી.
While—જ્યાં સુધી—ત્યાં સુધી.
Sleeps (સ્લીપ્સ) ઉંઘે છે.
No one—કોઇ નહીં.
Will dare (વિલ ડેર) હિમ્મત ધરશે.
To touch (ટુ ટચ) અડકવાને.
As long as—જ્યાં સુધી.
Half an hour (હાફ ઍન અવર) અડધો કલાક.
Wakes (વેઇક્સ) જાગે છે.
Rubs (રબ્ઝ) ચોળે છે.
Laugh (લાફ) હસવું તે.
And has a good laugh as he sees Frisk at his side અને જ્યરે ફ્રિસ્કને પોતાની પાસે જુએ છે (પોતાની બાજુએ જોઇને). ત્યારે ખડખડ હસવું આવે છે.
House (હાઉસ) મકાન; ઘર.
Brings (બ્રિંગ્ઝ) લાવી આપે છે.
Bit (બિટ) કકડો.
Bread (બ્રેડ) રોટલી.
Hind (હાઇન્ડ) પાછલા.
Legs (લેગ્ઝ) પગો.
Begs (બેગ્ઝ) માંગે છે.
While (વ્હાઇલ) જ્યારે.
Knee (ની) ઘુંટણ.
On his knee—ઘુંટણીએ પડીને.
Counts (કાઉન્ટસ) ગણે છે.
Throws (થ્રોઝ) નાંખે છે.

## I WILL NOT HURT MY LITTLE DOG.

### હું મારા નાના કુતરાને ઇજા કરીશ નહી.

Stroke (સ્ટ્રોક) પંપાળવું; હાથ ફેરવવો.
Pat (પૅટ) થાબડવું; ધીમેથી મારવું.
(to) wag (વૅગ) હિલાવવું.
Tail (ટેઇલ) પુછડી.
Fed (ફેડ) ખવડાવેલો.
Thing (થિંગ) ચીજ.
Very (વેરી) ઘણી.
Useful (યુસ ફુલ) ઉપયોગી.
Too-વળી.
Don't-Do not
Don't you know-તમે જાણતા નથી?
Will mind (વિલ માઇન્ડ) ધ્યાન આપશે.
What-જે-તે
Is bid (ઇઝ બિડ) ફરમાવવામાં આવે છે.
Never (નેવર) કદી નહીં.
Nor (નૅાર) અને નહી.
Ever (એવર) કદી.
Treat (ટ્રીટ) વર્ત્તવું. ચાલવું.
Kindly (કાઇન્ડલી) માયાથી.
Every day (એવરી ડે) દરરોજ.
He'll-He will
Again (અગેન) ફરીથી.

હું મારા નાના કુતરાને ઇજા કરીશ નહી, પણ પંપાળીશ અને તેના માથા ઉપર હાથ ફેરવીશ, અને તેને તેની પુંછડી હિલાવતો જોવાનું ગમે છે, અને તેને ખવડાવેલો જોવાને ગમે છે. ગરીબ નાનું પ્રાણી, કેટલું બધું બધું ઉપયોગી છે; કારણ કે તમે જાણતા નથી કે તેને જે ફરમાવવામાં આવે છે તેના ઉપર તે ધ્યાન આપશે! ત્યારે મારા કુતરાને હું કદી ઇજા કરીશ નહી; પણ દરરોજ તેની સાથે માયાથી વર્તીશ અને તે ફરીથી મને ચ્હાશે.

## THE LARK.

### ચંડુલ પક્ષી.

Three (થ્રી) ત્રણ.
Boys (બૅાયઝ) છોકરાઓ.
Dick (ડિક), Sam (સૅમ), Ned (નેડ) — છોકરાઓનાં નામ છે.
Went out to play-રમવા ગયા.

Fields ( ફિલ્ડઝ) ખેતરો.
Fine (ફાઇન) સુંદર.
Fun (ફન) રમુજ
They had—તેઓને પડી હતી.
Sat down (સટ ડાઉન) બેઠા.
To rest (ટુ રેસ્ટ) આરામ લેવાને.
Short (શોર્ટ) થોડો; ટુંકો.
Heard (હર્ડ) સાંભળ્યું
(to) sing—ગાવું.
How well (હવેલ) કવું સારૂં.
Said (સેઇડ) કહ્યું.
Must be (મસ્ટ બી) હોવું જોઇએ
Quite close (કવાઇટ કલોસ) છેક પાસે.
Should like (શુડ લાઇક) ચાહું છું; ચહાવું જોઇએ.
There (ધેર) ત્યાં.
Then (ધેન) ત્યારે.
Soon (સુન) જલદીથી
Wish (ઉવિશ) મરજી, ઇચ્છા.
So you can soon have your wish—તેથી તમારી ઇચ્છા જલદીથી પાર પડશે.
Where (ઉવ્હેર) કયાં.
Sprang up (સ્પૅન્ગ અપ) કુદ્યો; ઉઠી ઉભો થયો.

Just in time (જસ્ટ ઇન ટાઇમ) વખતસર.
Rose (રોઝ) ઉઠયો; ઉડયો.
Once more (ઉવન્સ મોર) ફરીથી.
High up (હાઇ અપ) ઉચે.
Air (એર) હવા.
"Where ?" said Dick; and up he sprang, just in time to see the lark as he rose once more high in the air.
ડિકે કહ્યું ક્યાં ? અને જ્યારે ચંડુલ પક્ષી ફરીથી હવામાં ઉચે ઉડયું ત્યારે વખતસર તેને જોવાને તે ઉઠી ઉભો થયો.
Sweet (સ્વીટ) મધુર.
Song (સૅાન્ગ) ગીત.
Just then (જસ્ટ ધેન) તરતજ
Saw (સૅા) જોયું.
Small (સ્મૅાલ) ન્હાનો.
Stone (સ્ટોન) પત્થર.
Thought (થૅાટ) વિચાર્યું.
Meant (મેન્ટ) ધાર્યું.
To throw (ટુ થ્રો) નાખવાને.
Do you mean (મીન) શું તમે ધારોછો.

Yes (યેસ) હા.
Why not (ઉવ્હાય) શા વાસ્તે નહીં.
Harm (હાર્મ) ઇજા; નુકસાન.
Would be–થશે; થાય.
Want (ઉવૉન્ટ) માગું છું.
Can aim (કૅન એઇમ) તાકી શકું છું.
Shame (શેઇમ) શરમ.
To kill (ટુ કિલ) મારી નાંખવું.
That (ધૅટ) જે.
Sweet (સ્વીટ) મધુર.
Song (સૅન્ગ) ગીત.
If you likc–જો તમારી મરજી હોય તો.

Will show (ઉવિલ શો) બતાવીશ.
Quite as well as (ક્વાઇટ) તદ્દન તે માફક; તદ્દન તેમજ.
To do ill (ઇલ) નુકશાન કરવાને.
Made laugh (મેઇડ લાફ) હસાવ્યા; હસતા કીધા.
Threw down (થ્રૂ ડાઉન) નાંખી દીવા.
Went on–ચલાવ્યુ.
Do like–પ્હાઉધુંજ.
To hear (ટુ હીઅર) સાંભળવાને.
Glad (ગ્લૅડ) ખુશ; રાજી.
Did not try (ટ્રાઇ) કોશેશ કીધી નહીં.

ત્રણ છોકરાઓ ડિક, સૅમ અને નેડ ખેતરમાં રમવાને ગયા, અને તેઓને અચ્છી રમુજ પડી. જેવા તેઓ થોડો વખત આરામ લેવાને બેઠા તેવામાં તેઓએ ચંડોળ પક્ષીને ગાતાં સાંભળ્યું. ડિકે કહ્યું તે કેવું સારૂં ગાય છે. સેમે કહ્યુ હું ધારૂં છું કે તે આપણુની છેક પાસે હોવું જોઇએ. નેડે કહ્યું મારે તેને જોવું જોઇએ. સેમે કહ્યું ત્યારે તો તે પેલું રહ્યું; તેથી તમારી ઇચ્છા જલદીથી પાર પડશે. ડિકે કહ્યું કયાં? ક્યારે ચંડુલ પક્ષી ફરીથી હવામાં ઉડયું ત્યારે વખતસર તેને જોવાને તે ઉઠી ઉભો રયો. છોકરાઓની આગળ પોતાનું મધુર ગીત ગાતું તે પેલું રહ્યું તે જુઓ. તરતજ ડિકે જોયું કે નેડ પાસે પોતાના હાથમાં પત્થર હતો. ડિકે વિચાર્યું કે તેનો ઇરાદો તે ગરીબ ચંડોળ પક્ષી તરફ તે ફેંકવાનો હતો. તેથી તેને કહ્યું, નેડ તમે તે પત્થર તેના તરફ નાંખવા ધારો છો. હા; શા વાસ્તે નહી? નેડે કહ્યું.

તેમાં શું નુકશાન છે. હું કેવી સારી રીતે તાકી શકું છું તે તને બતાવવા માગું છું ડિકે કહ્યું, નેડ, શરમની વાત છે પથરો ફેંકી દે. જે ગરબી પક્ષી આપણી આગળ આવું મધુર ગીત ગાય છે તેને આપણે આ વાસ્તે મારી નાખવું જોઇએ. જો તારી મરજી હોય તો હું તને બતાવી આપું કે હું પણ તારા જેટલું સારૂં તાકી શકું છું. પણ મારે નુકસાન કરવાને ચાહવું જોઇએ નહી. આથી નેડ અને સેમને હસવું આવ્યું; અને નેડે પથરો ફેંકી દીધો. ચંડોળ પક્ષીએ પોતાનું ગીત જારી રાખ્યું. નેડે કહ્યું મને ચંડોળ પક્ષી ગાતાં સાંભળવાનું ગમે છે; મેં તેને મારી નાખવાને કોશેશ કીધી નહીં તેથી હું કેટલો ખુશી છઉં.

## MARY'S LITTLE LAMB.

### મેરીનું નાનું મેઢું.

Mary (મેરી) છોકરીનું નામ છે.
Lamb (લૅમ) મેઢાનું બચ્ચું
Fleece (ફ્લીસ) મેઢાં ઉપરનું કાતરેલું ઉન.
White (ઉવ્હાઇટ) સફેદ.
Snow (સ્નો) બરફ.
His fleece was white as snow—તેનું કાપેલું ઉન બરફના જેવું સફેદ હતું.
Everywhere (એવરી ઉવ્હેર) જ્યાં જ્યાં; દરેક ઠેકાણે.
Sure (શુર) ખચીત; ખાતરીથી.
Every where go—અને જ્યાં જ્યાં મેરી જતી ત્યાં ત્યાં તે ખચીત જતું.
Followed (ફૉલોડ) પાછળ ગયું.
School (સ્કુલ) નિશાળ.
Against (અગેન્સ્ટ)વિરૂદ્ધ; ઉલટું.
Rule (રૂલ) કાયદો
Made laugh (લાફ) હસાવ્યા.
It made the children laugh and play to see a lamb at school—નિશાળમાં મેઢું જોઇને છોકરાઓને હસવું આવ્યું ને ગમત પડી.
Teacher (ટીચર) શિક્ષક.
Therefore (ધેરફોર)તેટલા માટે
Turned out (ટર્ન્ડ આઉટ) કાઢી મૂક્યું.
Still (સ્ટિલ) તોપણ.
Lingered (લિંગર્ડ) ફર્યાં કીધું, રખડયા કીધું.
Grass (ગ્રાસ) ઘાસ.

Played (પ્લેઇડ) રમ્યા કીધું.
About (અબાઉટ) અહીં તહીં
Till (ટિલ) જ્યાં સુધી.
Did appear (ડિડ એપિઅર) દેખાઇ.
At once (ઉવન્સ) એકદમ.
Laid (લેઇડ) મૂક્યું.
Head (હેડ) માથું.
Arm (આર્મ) હાથ.
As if–જાણે કે.
Afraid (અફ્રેઇડ) બીધેલું.
Will keep–બચાવશો.
Harm (હાર્મ) સંકટ, દુ:ખ.
What makes love–શાથી વ્હાય છે, શા માટે ચાહે છે.
Children (ચિલ્ડ્રન) છોકરાંઓ.
Cry (ક્રાઇ) બુમ પાડીને કહે છે.
Loves (લવ્ઝ) ચાહે છે.
Did reply (ડિડ રિપ્લાઇ) જવાબ આપ્યો.

## ONE THING AT A TIME.

## એકેકી વખતે, એકેકી ચીજ.

At a time–એકી વખતે.
Work (ઉવર્ક) કામ કરો.
While (વ્હાઇલ) જ્યારે.
Play (પ્લે) રમો.
Way (વે) રીત.
All that you do–તમે જે સઘળુ કરો તે.
Cheerful (ચીઅરફુલ) આનંદી
Gay (ગે) ખુશ, આનંદી.
Might (માઇટ) જોર, બળ.
Things (થિંગ્ઝ) ચીજો.
Done (ડન) કીધેલી.
Halves (હાવ્ઝ) અડધા.
Are never done–કદી થતી નથી.
Right (રાઇટ) બરાબર.
Thing done by halves are never done right–અડધી કરેલી ચીજો કદી બરાબર થતી નથી.
Done well–સારી રીતે કીધેલી.
Very good (વેરી ગુડ) ઘણો સારો.
Rule (રૂલ) કાયદો; નિયમ.
Many (મૅની) ઘણા લોક.
Can tell (કૅન ટેલ) કહી શકે છે.
One......tell–ઘણા લોક કહે છે કે એ એક સારો કાયદો છે કે એક કામ એકી વખતે કરવું અને તે સારી રીતે કરવું.
Moments (મોમેન્ટ્સ) પળો.
Useless (યુસલેસ) નિરૂપયોગી.

Trifled away (ટ્રાઇફલ્ડ અવે) નકામી કાઢેલી, ગુમાવેલી.

NURSERY RHYMES

I

**છોકરા ઉછેરવાની જગ્યા વિષે કવિતા.**

Nursery (નર્સરિ) છોકરાં ઉછેરવાની જગ્યા.
Rhymes (રાઇમ્સ) કવિતા.
Old (ઓલ્ડ) બુઢ્ઢી, ઘરડી.
Woman (ઉવુમન) સ્ત્રી, બ ઇડી.
Lived (લિવ્ડ) રહેતી હતી.
Shoe ( શૂ ) જોડો, આ ઠેકાણે જોડા જેવું મકાન.
So many (મૅની) એટલાં બધાં.
Children (ચિલડ્રન) છોકરાંઓ.
Gave (ગેઇવ) આપતી.
Some (સમ) કાંઇક.
Broth (બ્રૉથ) સેરવો, રસ.
Without (ઉવિધાઉટ) સિવાય.
Any (એનિ) કાંઇ.
Bread (બ્રેડ) રોટલી.
Whipped (ઉવિપ્ડ) ફટકા મારતી, ચાબક મારતી
Soundly (સાઉન્ડલિ) ખૂબ જબર, સખત.
Sent (સેન્ટ) મોકલતી.
Bed (બેડ) બીછાનું.

II

Once (ઉવન્સ) એક વખત.
Hop (હૉપ) કૂદવું.
Cried (ક્રાઇડ) કહ્યું.
Little (લિટલ) ન્હાના.
Will stop (ઉવિલ સ્ટૉપ) થોભશો, ઉભા રહેશો ?
Was going to say–કહેવા જતો હતો.
How do you do–તમે કેમ છો?
Shook (શુક) હીલવી.
Tail (ટેઇલ) પૂંછડી.
Flew away (ફ્લુ અવે) ઉડી ગયું.
Window (ઉવિન્ડો) બારી.

III

Dance (ડેન્સ) નાચ.
Baby (બેબિ) બચ્ચું.
Little (લિટલ) ન્હાનું.
Never mind–કાંઇ ફિકર નહીં; કાંઇ નહીં.
Mother (મધર) મા.
Nigh (નાઇ) પાસે.
Crow (ક્રો) ખડખડ હસ.
Caper (કેપર) કૂદવું; નાચવું.
To–સુધી. [ચંદરવો.
Cilineg (સીલિંગ)સીલિંગ,છાજ;
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Backwards (બૅકઉવર્ડ્ઝ) પાછળ.

Forwards (ફૉરવર્ડ્ઝ) આગળ
Round and round (રાઉન્ડ એન્ડ રાઉન્ડ) ગોળ ચક્કર.
Will sing–ગાશે.
Merrily ( મેરીલિ ) ખુશીથી, આનંદથી.
Ding dong ding (ડીંગ ડૉંગ ડિંગ)

ભાગ બીજો.

COUNT TEN–દશગણો.

Count (કાઉન્ટ) ગણો.
Ten (ટેન) દશ.
Fred (ફ્રેડ) છોકરાનું નામ છે.
Had got (હૅડ ગૉટ) મળી હતી
New (ન્યૂ) નવી.
Spade (સ્પેઇડ) કોદાળી.
Aunt (આન્ટ) કાકી.
Had sent (હેડ સેન્ટ) મોકલી હતી.
Small (સ્મૉલ) નાની.
Box (બૉકસ) પેટી, દાબડો.
Seeds (સીડ્ઝ) બીઆં.
As soon as–જેવો–તરતજ.
Went (વેન્ટ) ગયા.
To dig–ખોદવાને.
Bit (બિટ) કકડો.
Own (ઓન) પોતાના.
Bit (બિટ) કકડા.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Back (બૅક) પાછલો ભાગ.
Jane (જેઇન) છોકરીનું નામ છે.
Dug (ડગ) ખોદ્યું.
Stood (સ્ટુડ) ઉભો રહ્યો.
Talked (ટૉકડ) વાત કીધી.
Held (હેલ્ડ) ધરી, પકડી.
Did (ડિડ) કીધું.
Work (વર્ક) કામ
Will (વિલ) મરજી, ઇચ્છા.
Well (વેલ) સારી રીતે.
Let fall (લેટ ફૉલ) પડવા દીધી.
Lid (લિડ) ઢાંકણું.
Came off (કેઇમ ઑફ) નીકળી પડ્યું, ઉપડી પડ્યું.
Fell out (ફેલ આઉટ) વેરાઇ ગયાં, નીચે પડયાં.
Good (ગુડ) ભલી, સારી.
Kind (કાઇન્ડ) માયાળુ.
Girl (ગર્લ) છોકરી.
Was vexed (વૉઝ વેક્સ્ડ) ચીડાઇ ગઈ, ખીજવાઇ ગઇ.
Much (મચ) ઘણી.
Did not speak (સ્પીક) બોલ્યો નહીં.
To her–તેની સાથે.
Cried (ક્રાઇડ) કહ્યું.

Why (વ્હાઇ) શા વાસ્તે.
Don't speak-Do not speak-બોલતા નથી.
Wished (વિશ્ડ) ઇચ્છ્યું.
To wait (ટુ વેઇટ) થોભવું. રાહ જોવી.
Could count (કુડ કાઉન્ટ) ગણી શકું, ગણી શકયો.
Mean (મીન) ધારો છો.
What do you mean-તું શું કરવા માગે છે.
Wish (વિશ) ઇચ્છવું.
Once (વન્સ) એક વખત.
Told (ટોલ્ડ) કહ્યું.
Before (બીફોર) અગાઉ.
Spoke (સ્પોક) બોલ્યો.
Ever (એવર) કદી.
Felt ( ફેલ્ટ ) લાગ્યું.
Angry (ઍન્ગ્રિ) ગુસ્સે.
"Oh" said Fred, "aunt once told me to count ten before I spoke, if ever I felt angry" ફ્રેડે કહ્યું, અરે, જો કદી હું ગુસ્સે થઉં અને બોલું તે પહેલાં કાકીએ મને એક વખત દશ ગણવા કહ્યું હતું.
Know (નો) જાણું છું.

Often (ઓફન) વારંવાર.
Hasty (હેસ્ટિ) ઉતાવળો.
Want (વૉન્ટ)ઇચ્છું છું; મ ગું છું.
To correct (ટુ, કરેક્ટ) સુધારવી.
My self (માઇ સેલ્ફ)મારીજાતે.
Very (વેરી) ઘણો.
Careless (કેરલેસ) બેદરકાર.
To let fall-પડવા દેવો.
Seeds (સીડ્ઝ) બીઆં.
Have picked (હેવપીક્ડ) ઉચકી લીધા છે.
Again (અગેન) ફરીથી.
Here (હીઅર) અહીઆં.
Here they are-આ રહ્યાં તે.
Ready (રેડી) તૈયાર.
To put (ટુ પુટ) રોપવાને, મૂકવાને.
Were planted (વેર પ્લૅન્ટેડ) રોપવામાં આવ્યાં હતાં.
Day by day (ડે, બાઇ ડે) દરરોજ.
To watch (ટુ વૉચ)તપાસવું.
(To) grow up (ગ્રો અપ) ઉગવું.
At last (ઍટલાસ્ટ) આખરે.
Lot (લૉટ) જથ્થો.

Green (ગ્રીન) લીલાં.
Blades (બ્લેઇડઝ) તણખલાં.
Peeped (પીપ્ડ) દેખાયા, માલમ પડ્યાં; દેખાવા લાગ્યાં
Above (અબવ) ઉપર.
Grew up (ગ્રુ અપ) ઉગીનીકળ્યા.
Pretty (પ્રેટી) સુંદર; શોભીતા.
Flowers (ફ્લાવર્ઝ) ફુલો.
Greatly (ગ્રેઇટલી) ઘણીજ.
Delight (ડિલાઇટ) આનંદ.
Children (ચિલડ્રન) છોકરાંઓ (Sin child)
Before (બિફોર) અગાઉ.
Hasty (હેસ્ટિ) ઉતાવળો.
Word (ઉવર્ડ) શબ્દ.
Still (સ્ટિલ) તોપણ, તેમ છતાં.
Angry (ઍન્ગ્રિ) ગુસ્સે.
Again (અગેન) ફરીથી.

ફ્રેડને તેની કાકી તરફથી એક નવી કોદાળી મળી હતી. તેણીએ એક દહાડે તેના ઉપર બીઆંની એક નાની દાબડી સાથ તે મોકલી હતી. જેવી તેને તે મળી કે તરતજ તે લઇને ઘરના પાછલા ભાગ તરફ પોતાની જમીનના કકડામાં ખોદવાને ગયો. જેઇન તેની સાથે ગઇ. અને જ્યારે તે ખોદતો હતો ત્યારે જેઇન તેની નજદીક ઉભી રહીને વાતો કરતી હતી. તેણીએ બીઆંની દાબડી તેના હાથમાં પકડી રાખી હતી. ફ્રેડે પોતાનુ કામ મરજીથી કીધું અને વળી તે સારી રીતે કીધુ. જેવી જેઇન ઉભી રહી વાત કરતી હતી એવામા તેણીથી બીઆંની દાબડી જમીન ઉપર પડી ગઈ, દાબડીનું ઢાંકણું ઉઘડી ગયું અને સઘળાં બીઆ વેરાઇ ગયાં. બિચારી જેઇન એક ભલી માયાળુ છોકરી હતી. તેણી ઘણી ખીજવાઇ ગઇ, અને ફ્રેડને આ પ્રમાણે કહ્યું. પણ ફ્રેડ તેના સાથે બોલ્યો નહી. "અરે ફ્રેડ" તેણી બોલી શા વાસ્તે તુ મારી સાથે બોલતો નથી? ફ્રેડે કહ્યું જ્યાંસુધી હું દસ ગણી રહું ત્યાસુધી બોલવાને મેં ઇચ્છયું જેઇને કહ્યું દશ ગણો! તું શું કહેવા માગે છે. તું શા વાસ્તે દશ ગણવાને ઇચ્છે છે? ફ્રેડે કહ્યું અરે જો કદી હું ગુસ્સે થાઉં અને બોલું તે પેહલાં કાકીએ મને એક વખત દશ ગણવા કહ્યું હતું. જેઇન, હું જાણું છું કે હું વારંવાર તારી સાથે ઉતાવળો બનું છું અને હું પોતે સુધરવા માગું છું. અરે

ફ્રેડ તું કેટલો બધો ભલો છોબી! આનો હાબડો પાડી નાખવામાં મારી ઘણી બેદરકારી હતી; પણ જો મેં સઘળાં ફરીથી વીણી લીધાં છે, અને જમીનમાં વાવવાને તૈયાર તે આ રહ્યાં. બીઆં જમીનમાં રોપવામાં આવ્યાં હતાં અને દરરોજ ફ્રેડ અને જેહન તેમને ઉગતાં તપાસવાને આવતાં. આખરે નાનાં લીલાં દણુખલાંનો જથો જમીનપર દેખાવા લાગ્યો અને છોકરાંને ઘણોજ આનંદ ઉપજાવે એમ સુંદર ફુલો સહીત ઉગી નીકળ્યો.

એક ઉતાવળો શબ્દ બોલો તે પેહલાં દશ ગણજો; અને જો તેમ છતાં તમે ગુસ્સે હોઓ તો ફરીથી દશ ગણજો.

MY DOG DASH.

મારો ડૅશ કુતરો.

Once (ઉવન્સ) એક વખત.

Was stolen (ઉવૅાઝ સ્ટોલન) ચોરાયો હતો.

After–પછી.

After being away–બીજી જગ્યાએ રહી આવ્યા પછી.

Months (મન્થઝ) મહીના.

Came back–પાછો આવ્યો.

String (સ્ટ્રિંગ) દોરડી.

Tied (ટાઇડ) બાંધેલી.

Round (રાઉન્ડ) આસપાસ.

Neck (નેક) ગરદન.

Had broken away–(હૅડ બ્રોકન અવે) તોડી નાંખીને નાસી આવ્યો હતો; ભાંગી નાંખી હતી.

How (હાઉ) કેવો.

Glad (ગ્લૅડ) ખુશી; આનંદી.

Thief (થીફ) ચોર.

Was taken (ઉવૅાઝ ટેકન) લઇ જવામાં આવ્યો હતો.

Court (કૉર્ટ) દરબાર; કચેરી.

The thief was taken to the court–ચોરને કચેરીમાં લઇ જવામાં આવ્યો હતો.

Swore (સ્વોર) સોગંદ ખાધાં, કસમ દીધા.

Was asked (ઉવૅાઝ આસ્કડ) પુછવામાં આવ્યું હતું.

Could give–આપી શક્યો.

Proof (પ્રુફ) સાબીતી.

Mine (માઇન) મારો.

He swore......the dog was mine–તે પોતાનો કુતરો

છે એમ તેણે સોગંદ ખાધા, અને એ કુતરો મારો છે એવી હું કાંઈ પણ સાબેતી આપી શકીશ કે નહીં તે વિષે મને પુછવામાં આવ્યું.
Mouth (માઉથ) મ્હોડું.
Dog's-કુતરાના.
Ears (ઇયર્ઝ) કાનો.
Some thing (સમ થિંગ)કાંઇ.
I put my mouth...two-મેં કુતરાના કાન આગળ મારૂં મોઢું ધર્યું અને અમે બંને જાણતા હતા તેવું કાંઇ કહ્યું.
Only (ઓન્લિ) માત્ર; ફક્ત.
Know (નોન)જાણીતું; જણાએલું.
Us-અમને
Two-બે.
At once-એકદમ.
Stood up (સ્ટુડ અપ) ઉભો [થયો.
Hind (હાઇન્ડ) પાછલા.
Legs-પગો. [બતાવી.
Went through (વેન્ટથ્રુ)કરી
Tricks (ટ્રિક્સ) કરામત; રમત.
Had taught (હૅડ, ટૉટ) શિખવી હતી.
Guided (ગાઇડેડ) ચલાવ્યો.
Stick (સ્ટિક) લાકડી.
Set (સેટ) મૂકી.
Whole (હોલ) આખી.
Roar (રોઅર) ઘોંઘાટ; ગડગડ.
Fun (ફન) રમૂજ.
Same (સેઇમ) તેજ.
To make the dog do the same thing-તે કૂતરા પાસે તેજ ચીજ કરવાને
Shrunk away (શ્રન્ક અવે) ધિક્કારથી પાછળ હટયો.
Would not go-ગયો નહીં.
Judge (જજ) ન્યાયાધીશ.
Thief (થીફ) ચોર.
Was sent (વૅાઝ સેન્ટ) મોકલવામાં આવ્યો હતો.
Prison (પ્રિઝન] બંદીખાનું, કેદખાનું.
Was set free-છુટો મૂકવામાં આવ્યો-કીધો.
Free (ફ્રી) છૂટો.
Amid (ઍમિડ) વચ્ચે.
Cheers (ચીઅર્ઝ) ખુશાલીનો પોકાર.
People (પીપલ) લોક.
Outside (આઉટ સાઇડ) બહાર.
Bounded (બાઉન્ડેડ) ગયા.
Merrily (મૅરિલી) ખુશીથી, આનંદથી.

Home (હોમ) ઘર.

Amid...home—જે લોકો ઝરૂખાની બહાર ઉભા હતા તે લોકોના ખુશીના પોકાર વચ્ચે ડેશ અને હું ખુશીથી ઘેર ગયા.

## GOOD NIGHT.

## રાતની સલામ.

Little (લિટલ) નાનાં.

Baby (બેબિ) બાળક.

Lay (લે) મૂકો.

Pretty (પ્રેટી) સુંદર.

Cradlebed (ક્રેડલ બેડ) ઝોળીનું બીછાનું; પારણું.

Shut (શટ) બંધ કરો.

Eyes (આઇઝ) આંખો.

For (ફોર) કારણ કે.

Light(લાઇટ) રોશની, અજવાળું.

Are gone away—જતાં રહ્યાં છે.

For...away—કારણ કે દિવસ અને અજવાળું જતાં રહ્યાં છે.

Clothes (ક્લોઝ) કપડાં (Sing cloth )

(Are)tucked—(ટક્ડ)—વાળીને ઉંચે ચઢાવ્યાં છે.

Tight (ટાઇટ) તંગ.

All the clothes are tucked in tight—સઘળાં કપડાં વાળીને ઉંચે ચઢાવ્યાં છે.

Dear (ડિયર) વહાલાં.

Good-night (ગુડ નાઇટ) રાતની સલામ.

Yes (યેસ) હા.

Darling (ડાર્લિંગ)પ્યારાં બચ્ચાં.

Well—સારી રીતે

Bitter (બિટર) કડકડતો, સખત.

Wind (વિન્ડ) પવન.

Doth blow (ડથ બ્લો)—Does blow—વાય છે, ફુંકાય છે.

Yes...blow—હા મારા વ્હાલા હું સારી પેઠે જાણું છું કે પવન બહાર કેવો સખત ફુંકાય છે.

Winter's (વિન્ટર્સ)શી આળાનું.

Snow (સ્નો) બરફ.

Rain (રેઇન) વરસાદ.

Patter (પૅટર) સડસડ પડે છે.

Window (વિન્ડો) બારી.

Pane (પેઇન) કાચનો તકતો.

Cannot—શકતો નહીં.

(Is) shut (શટ) બંધ થએલી છે.

Fast (ફાસ્ટ) મજબુત રીતે.

Stormy (સ્ટોર્મી) તોફાની.

Is past (ઇઝ પાસ્ટ) વહી ગઇ છે. ગુજરી ગઇ છે.

For...past—કારણ કે તોફાની રાત વહી ગઇ છે ત્યાંસુધી બારી

અજબુત રીતે બંધ કરવામાં આવી છે.
Curains ( કર્ટન્ઝ ) પડદા, મચ્છરદાની.
Warm (ઉવૉર્મ) હુંફાળા, ગરમ.
Are spread ( આરસ્પ્રેડ ) પાથરવામાં આવ્યા છે.
Cradle-bed (ક્રેડલબેડ) ઘોડીયું.
Morning (મોર્નિંગ) સવાર.
Shineth (શાઇનેથ)–shines–પ્રકાશે છે.
Bright ( બ્રાઇટ ) પ્રકાશિત, ચળકતી.

THE MOMENTS પળો.

Moments (મોમેન્ટ્ઝ) પળો.
Fly (ફ્લાઇ) જતા રહે છે.
Minute (મિનિટ) મિનિટ, અઢીપળ.
Is gone–ગઇ છે.
Hour (અવર) કલાક.
Is run (રન) પૂરો થયો છે.
Day (ડે) દહાડો.
Is fled (ફ્લેડ) વહી ગયો છે.
Night (નાઇટ) રાત.
Thus (ધઝ) આ પ્રમાણે.
Flies (ફ્લાઇઝ) જતો રહે છે.
Week (ઉવીક) અઠવાડીયું.
Month (મન્થ) મહીનો.
Year (યિઅર) વરસ.

THE BOY THAT LIKED PLAY.

I

રમતિયાળ છોકરો.

Fine (ફાઇન) સુંદર.
Summer (સમર) ઉન્હાળો.
Very little–ઘણો નાનો.
Was sent (ઉવૉઝ સેન્ટ) મોકલવામાં આવ્યો હતો.
Mother (મધર) મા.
Knew (ન્યુ) જાણતી હતી.
Fond (ફૉન્ડ) શોખીલો.
Play (પ્લે) રમત.

He was very fond of play–તેને રમવું બહુ ગમતું હતું.

Sister (સિસ્ટર) બહેન.
Told (ટોલ્ડ) કહ્યું.
Very warm (ઉવૉર્મ) ઘણું ગરમ.
It was very warm–ઘણો તાપ પડતો હતો.
Would be–થશે; થાત છે.
Nicer (નાઇસર) વધારે સારૂં.
River-side ( રિવર-સાઇડ ) નદીનો કીનારો.
Than (ધૅન) કરતાં.

**And the boy...than go to school**—અને તે છોકરાએ તેની બેહનને કહ્યું કે નીશાળે જવા કરતાં મારી સાથે નદી કીનારે વધારે મઝા પડશે.

**I have not time to play**—મને રમવાનો વખત નથી.

**After I have seen you to school**—તમને નિશાળે જોઇ આવ્યા પછી; નિશાળે મુકી આવ્યા પછી.

**Must go over** (મસ્ટ ગો ઓવર) ફરી વળવું જોઇએ.

**Town** (ટાઉન) શેહેર.

**To buy** ( ટુ બાય ) ખરીદ કરવાને.

**Wool** (ઉલ) ઉન.

**Worsted** ( ઉવર્સ્ટેડ ) ઉનનો [દોરો

**Needles** (નીડલ્ઝ) સોયો.

**Lot** (લૉટ) જથ્થો.

**Other** (અધર) બીજી.

**Must work**—કામ કરવું જોઇએ

**To get** (ટુ ગેટ) મેળવવાને

**Money** (મની) પૈસા.

**Food** (ફુડ) ખોરાક.

**Then** (ધેન) ત્યાર પછી.

**Flying** (ફ્લાઇંગ) ઉડતી.

**From flower to flower** (ફ્લાવર) એક ફુલ ઉપરથી બીજા ફુલ ઉપર.

**Should** (શુડ) જોઇએ.

**Nothing** (નથિંગ) કાંઇ નહી.

**Lessons** (લેસન્ઝ) પાઠો.

**Spelling** (સ્પેલિંગ) જોડણી.

**To learn** (ટુ લર્ન) શીખવું.

**I should like...learn**—હું મધમાખી થવાનું પસંદ કરૂં અને કાંઇ નહીં કરવાનું–પાઠ કે જોડણી નહી શીખવાનું

**Idle** (આઇડલ) આળસુ.

**Is getting** ( ઇઝ ગેટિંગ ) મેળવે છે; એકઠું કરે છે.

**Honey** (હનિ) મધ.

**Wax** (વૅક્સ) મીણ.

**To lay up** (ટુ લે અપ) ભરી મૂકવું, સંગ્રહ કરવો.

**Store** (સ્ટોર) જથ્થો.

**Winter** (ઉવિન્ટર) શિયાળો.

**Flew away** (ફ્લુ અવે)ઉડી ગયું.

**Hive** (હાઇવ) મધપૂડો.

**In a little**—થોડી વારમાં.

Heard (હર્ડ) સાંભળ્યું.
I am sure the bird has nothing to do–મારી ખાત્રી છે કે પક્ષીને કાંઇ કરવાનું હોતું નથી.
Singing (સિંગિંગ) ગાતાં.
To stay (ટુ સ્ટે) થોભાવાને.
Under (અન્ડર) નીચે.
Trees (ટ્રીઝ) ઝાડ.
(To) hear (હિઅર) સાંભળવું.
Sweet (સ્વિટ) મધુર.
Song (સાંગ) ગીત.
Has flown (હૅઝ ફ્લોન) ઉડી ગયું છે.
Has picked up (હૅઝ પિક્ડ અપ) ઉચકયા છે.
Bits (બિટસ) કકડા.
Straw (સ્ટ્રૉ) ઘાસનું તણખલું, સુકું ઘાસ [લઇ જાય છે.
Is taking (ઇઝ ટેકિંગ)
Nest (નેસ્ટ) માળો.
Has to build (હૅઝ ટુ બિલ્ડ) બાંધવાનો છે.
Feathers (ફેધર્સ) પીછાં.
Moss (મૉસ) લીલ.
And so...idle–અને તેથી આળસુ થવાનો વખત નથી.

---

## THE BOY THAT LIKED PLAY.

## II

રમતિયાળ છોકરો.

Liked (લાઇક્ડ) ચાહ્યુ, ચ્હાતો [હતો.
They (ધે) તેઓ.
Had gone (હૅડ ગોન) ગયા હતા.
Far (ફાર) દુર; છેટે.
They had not gone far when–તેઓ ઘણા દુર ગયા નહીં એટલામાં.
When (ફ્વ્હેન) એટલામાં.
Lying (લાઇંગ) પડેલો.
Road side (રોડ સાઇડ) રસ્તાની બાજુ. [નહીં?
May I not play–શું હું રમું
Seems (સીમ્ઝ) દેખાય છે.
For...to do–કારણ કે તેને કાંઇ ન કરવાનું હોય એમ દેખાય છે.
Just then (જસ્ટ ધેન) તરતજ.
Gave (ગેવ) વગાડી આપી.
Whistle (વ્હિસલ) સીસોટી.
Loud (લાઉડ) મોટેથી.

Started up (સ્ટારર્ટેડ અપ) ઉઠ્યો, ચોક્યો.
To help ( ટુ હેલ્પ ) મદદ કરવાને. શીપ.)
Sheep (શીપ) મેઢાં (Sing
Was driving (ડ્વૅાઝ ડ્રાઇવિંગ) હાંકતો હતો.
Market (મારકેટ) બજાર.
Still further on (સ્ટિલ ફરધર ઑન) એથી પણ વધારે આગળ.
Horse (હૉર્સ, ઘેડો.
Eating (ઇટિંગ) ખાતો.
It can have nothing to do–તેણે કાંઇ કરવાનું નથી.
Shall go (શૅલ ગો) જઇશ.
Went (ડ્વેન્ટ) ગયો.
Forward (ફૅારવર્ડ) આગળ.
Halter ( હૅાલ્ટર ) હાંસડી; ઘોડાની બાગદાર.
Which (ડ્વિચ) જે.
Put on (પુટ ઑન) પહેરાવી.
Head (હેડ) માથું.

But as he went forward...head–પણ જેવો તે આગળ ગયો કે તરતજ એક માણસ હાંસડી લઇને આવ્યો જે તેણે ઘોડાના માથે પહેરાવી.

As he did so–તેણે એમ કર્યું કે તરતજ.

Fellow (ફેલો) માણસ; સખસ.
Must plough (મસ્ટ પ્લાઉ) હળ ફેરવવો જોઇએ.
Must harrow (મસ્ટ હૅરો) દાંતાળો ફેરવવો જોઇએ.
Fields (ફિલ્ડઝ) ખેતરો.
Oats ( ઑટસ ) એક જાતનું વિલાતી ધાન્ય.
Barley (બાર્લિ) જવ.
Wheat (ડ્વ્હીટ) ઘઉં.
To grind (ટુ ગ્રાઇન્ડ) દળવું.
To sell (ટુ સેલ) વેચવું.
Money (મની) પૈસા.

That I may get money–જેથી મને પૈસા મળે.

Saw (સૅા) જોયું.
Every (એવરિ) દરેક.
Beast (બિસ્ટ) પ્રાણી
Something (સમથિંગ) કાંઇ.
Sister (સિસ્ટર) બેન.
Well–વારૂ. [શીખીશ.
Shall learn ( શૅલ લર્ન )
Lessons (લેસન્સ) પાઠો.
Get home ( ગેટ હોમ ) ઘેર જઇશ. [આપશે; દેશે.
Will allow (ડ્વિલ ઍલાઉ)

When I get home...I go to bed—જ્યારે હું ઘેર જાઇશ ત્યારે હું સુઈ જાઉ તે અગાઉ મા મને બીજા છોકરાઓ સાથે રમવાને સારો વખત આપશે (રમવા દેશે).

Other (અધર) બીજા.
Before (બીફોર) અગાઉ.
Go to bed (બેડ) સુવા જવું.
Saying (સેઈંગ) કહીને.
Ran off (રૅન ઑફ) દોડી ગયો.
Glad (ગ્લૅડ) ખુશી; આનંદી.
To get away—જવાને.
To do—બજાવવાને.
Own (ઓન) પોતાના.
Errands (એરન્ડઝ) સંદેસો.
And her sister was glad to get away to do her own errands—અને તેની બેન પોતાના સંદેશા બજાવવાને (સોંપેલું કામ કરવાને) ખુશીથી ચાલી ગઇ.

## FORGIVE.

## માફ કરવું.

Forgive (ફરગિવ) માફ કરવું.
Dear (ડિઅર) વ્હાલી.
Ann (એન) છોકરીનું નામ છે.
Said (સેડ) કહ્યું.
Jane (જેઇન) છોકરીનું નામ છે.
Won't—Would not.
Won't forgive (વૉન્ટ ફરગિવ) શું માફ નહી કરે
Fred (ફ્રેડ) છોકરાનું નામ છે.
Did not mean (મીન) ધાર્યુ નહોતું.
To throw (ટુ થ્રો) નાંખવાને.
Ball (બૉલ) દડો.
Mud (મડ) કાદવ.
Ought (ઓટ) જોઇએ.
To have been—થવાને.
Careful (કેરફુલ) સાવચેત;
He ought to have been more careful—તેણે વધારે સાવધ રહેલું જોઇતું હતું.
Angry (ઍન્ગ્રિ) ગુસ્સાવાળો.
Frown (ફ્રાઉન) ડોળા કાઢીને દેખાવ કરવો તે; ગુસ્સો
Brow (બ્રાઉ) ભવાં.
Offend (ઑફેન્ડ) માઠું લગાડો છો; ગુસ્સે કરો છો; અપમાન કરો છો.
Temper (ટેમ્પર) સ્વભાવ.
Can ask—પૂછી શકું.
To night (ટુ નાઇટ) આજરાત્રે.

Sins (સિન્સ) પાપો.

How can you ask him to night to forgive your sins, if you do not forgive your little brother now ?—જો તમે તમારા નાનાભાઈને હમણા માફ નથી કરતાં, તો આજરાત્રે તમારા પાપની પરમેશ્વર પાસે માફી કેવી રીતે માગી શકશો ?

Brother (બ્રધર) ભાઈ.

Would be for given (વુડ બી ફરગિવન) માફી મેળવવા ચહાતી હોય.

Let pray (લેટ પ્રે) પ્રાર્થના કરવા દો

Ever (એવર) હમેશાં.

Humbly (હમ્બ્લિ) નમ્રતાથી; નમનતાઈથી.

Grace (ગ્રેઇસ) મહેરબાની.

Be given (બી ગિવન) અપાય.

May be ready (રેડી) તૈયાર થાય.

May be forgiven (ફરગિવન) માફી મળે.

SPRING–વસંત ઋતુ.

Spring (સ્પ્રિંગ) વસંત ઋતુ

Is come–બેઠી છે; આવી છે.

Every thing (એવરિ થિંગ) દરેક ચીજ.

Is waking (ઇઝ વેકિંગ) જાગે છે.

Winter (વિન્ટર) શિયાળો.

Sleep (સ્લીપ) ઉંઘ.

Fields (ફીલ્ડ્ઝ) ખેતરો.

Are dressed (આર ડ્રેસ્ડ) પહેરાવવામાં આવ્યા છે; સણુગાર્યાં છે.

Fresh (ફ્રેશ) તાજાં.

Robe (રોબ) ઝભ્ભો.

Green (ગ્રીન) લીલું (ઘાસ)

The fields are dressed in a fresh robe of green (ધિ ફિલ્ડ્ઝ આર ડ્રેસ્ડ ઇન એ ફ્રેશ રોબ ઑફ ગ્રીન) ખેતરોને લીલાં તાજાં ઘાસનો ઝભ્ભો પહેરાવ્યો છે (ખેતરોમાં લીલોતરી ઊગી છે તેથી તેઓ લીલાં દેખાય છે)

Buds (બડ્ઝ) કળીઓ.

Wild flowers (વાઇલ્ડ ફ્લાવર્ઝ) જંગલી ફૂલો. [ફરીથી.

Once more (વન્સ મોર)

Begin (બિગિન) માંડે છે.

To peep forth (ટુ પીપ

ડ્રાથે) સેહેજ દેખવું.
White (વ્હાઇટ) સફેદ.
Snow drop (સ્નો ડ્રોપ) એક જાતનું ફૂલ (શિયાળા પછી વસંતરૂતુની શરૂઆતમાં જમીન ઉપર બરફ હોય છે તે વખતે પ્હેલ વ્હેલું ફૂલ ઉગે છે તે)
First (ફર્સ્ટ) પ્હેલું.
The white snow drop... spring-સ્નો ડ્રોપ નામનુંસફેદ ફુલ વસંતરૂતુનું પહેલામાં પહેલું ફુલ છે.
Lovely (લવલિ) સુંદર; શોભીતું.
Among (અમૉગ) માં.
To get ready (રેડી) તૈયાર કરવું.
Summer (સમર) ઉનાળો.
Begin (બિગિન) શરૂ કરે છે.
To plough (ટુ પ્લાઉ) ખેડવું.
To sow (ટુ સો) વાવવું.
Gardener (ગાર્ડનર) માળી.
Digs-ખોદે છે.
Garden (ગાર્ડન) વાડી.
Warmer (વૉર્મર) વધારે ગરમ
Brighter (બ્રાઇટર). વધારે પ્રકાશિત
Sun shine (સન શાઇન)તડકો.

Full (ફુલ) ભરેલી; ભરપુર.
Life (લાઇફ) જીવ
Joy (જૉય) ખુશાલી; આનંદ
Every-thing is full of life and joy (એવરી થિંગ ઇઝ ફુલ ઑફ લાઇફ ઍન્ડ જોય) દરેક ચીજમાં ખુશી અને જીવ પાછો આવ્યો છે.
Soft (સૉફટ) ધીમ ; નરમ.
Spring (સ્પ્રિંગ) વસંતરૂતુ.
Showers (શાવર્સ) ઝાપટા.
Will fall-પડશે. [છાંટવું.
To water (ટુ વૉટર) પાણી
Earth (અર્થ) પૃથ્વી.
Make to grow (મેઇક ટુ ઉગાડે છે.
Seeds (સીડ્ઝ) બીઆં.
To bear (ટુ બેર) આવતાં કરવું. પેદા કરવું; આપવું.
Leaves (લીવ્ઝ) પાંદડાં.
Fruit (ફ્રુટ) મેવો,

It is by the rainand the sunshine that God makes the corn to grow, and the trees to bear leaves and flowers and-fruit-પરમેશ્વર જેથી

અનાજ ઉગાડે છે, અને ઝાડો ઉપર પાંદડાં, ફુલ અને ફળ આવતાં કરે છે તે વરસાદ અને તડકો છે (પરમેશ્વર વરસાદ અને તડકાથી અનાજ ઉગાડે છે ને ઝાડો ઉપર પાંદડાં, ફુલ અને ફળ આવતાં કરે છે.

Does (ડઝ) કરે છે.

It is the way (ઇટ ઇઝ ધી વે) તે એજ રીત છે; આ રીતે

Corn (કૅાર્ન) અનાજ.

Bread (બ્રેડ) રોટલી

Sweet (સ્વીટ) મીઠો.

Herbs ( અર્બ્ઝ ) વનસ્પતિ; ભાજીપાલો. [સ્વાદિષ્ટ

Pleasant ( પ્લેઝન્ટ ) મઝાનો,

That—જેથી કરીને [ખવાડાય.

(May be) fed (ફેડ) ખવાઇએ;

It is...fed—આ રીતે તે (પરમેશ્વર) રોટલીને માટે અનાજ ખાવાને મીઠો ભાજીપાલો અને સુંદર ફળો આપણને આપે છે જેથી કરીને આપણે સઘળાં ખાઇએ.

Never (નેવર) કદી નહીં.

Plant (પ્લૅન્ટ) રોપો; છોડવો.

Blossom (બ્લૉસમ) મ્હોર;

Let us think (થિંક) ચાલો—આપણે વિચાર કરીએ.

Ever (એવર) હમેશાં.

Thankful (થૅન્કફુલ) આભારી.

Then...thankful be—ત્યારે આપણે છોડવા કે ઝાડ ઉપરના મોર ઉપર કદી ધ્યાન આપીએ નહી પણ આપણે પરમેશ્વર કેવો ભલો છે તેનો વિચાર કરીએ અને તેનો હમેશાં આભાર માનીએ.

## RAIN વરસાદ.

From (ફ્રૅામ) થી.

Clouds (ક્લાઉડ્ઝ) વાદળાં.

Black (બ્લૅક) કાળાં.

Sky (સ્કાઇ) આકાશ.

How fast—કેવી ઝડપથી ?

Move along (મૂવ એલૉન્ગ) આગળ ચાલે છે.

How fast they move along—તેઓ કેવી ઝડપથી આગળ ચાલે છે.

Have hidden (હૅવ હિડન) ઢાંકી નાંખ્યો છે.

Sun (સન) સુરજ.

Have covered (હૅવ કવર્ડ) ઢાંકી નાંખ્યો છે.

Just as (જસ્ટ ઍઝ) જેમ માફક.

Cover (કવર) ઢાંકવું.

Face (ફેઇસ) ચ્હેરો

Over (ઓવર) ઉપર.

They have...it—જેવી રીતે તમે તમારા ચ્હેરા ઉપર કંઇ મુકી ઢાંકો છો તે માફક તેઓએ સૂર્યને ઢાંકી દીધો છે.

Bit (બિટ) કકડો.

Blue (બ્લ્યુ) આસમાની.
At all (ઍટ ઑાલ) તદન.
Very dark (વેરી ડાર્ક) ઘણું અંધારું.
It will rain-વરસાદ આવશે.
Begins (બીગિન્સ) શરૂ થાયછે.
What (હ્વૉટ) કેવાં.
Large (લાર્જ) મોટાં.
Drops (ડ્રોપ્સ) ટીપાં.
Ducks (ડક્સ) બતકો.
Shelter (શેલ્ટર) છાંયો લે છે.
Them-selves (ધેમ સેલ્વ્ઝ)
Under (અન્ડર) નીચે.
The rain is over-વરસાદ બંધ પડયો છે; વરસાદ આવતો નથી.
Only (ઓન્લિ) માત્ર.
Shower (શાવર) ઝાપટું.
Smell (સ્મેલ) વાસ આવે છે.
Sweet (સ્વીટ) મધુર.
The flowers smell sweet –ફુલોમાંથી સુગંધી આવે છે,
Bright (બ્રાઇટ) પ્રકાશિત.
Shines (શાઇન્સ) પ્રકાશે છે.
Again (એગેન) ફરીથી.

---

## NORTH, SOUTH, EAST, WEST,

ઉત્તર, દક્ષિણ, પુર્વ, પાશ્ચમ.
What (હ્વૉટ) કેટલા.
O'clock (ઓ ક્લૉક) કલાક.
What o'clock is it (હ્વૉટ ઓ ક્લૉક ઇઝઇટ) કેટલા વાગ્યા છે?
Henry (હેન્રી) છોકરાનું નામછે.
Twelve (ટ્વેલ્વ) બાર.
It is twelve oclock–બાર વાગ્યા છે.
Noon (નુન) બપોર.
It is noon (નુન) બપોર થયાછે.
Garden (ગાર્ડન) વાડી.
Then (ધેન) ત્યારે
Where (હ્વેહેર) ક્યાં.
Turn (ટર્ન) ફેરવો
Face (ફેઇસ) મ્હેરો.
Towards (ટોઅર્ડ્ઝ) તરફ.
South (સાઉથ) દક્ષિણ.
Always (ઓાલવેઝ) હમેશાં.
Left (લેફ્ટ) ડાબો
Forward (ફૉરવર્ડ) આગળ.
East (ઇસ્ટ) પૂર્વ.
Morning (મોરનિંગ) સવાર.
Light (લાઇટ) અજવાળું.
When it is going to be

light (ઉન્હેન ઇટ ઇઝ ગોઇંગ ટુ બી લાઇટ) જ્યારે અજવાળુ પડવા માંડે છે ત્યારે.

Must look ( મસ્ટ લુક ) જોઇએ.

Just there (જસ્ટ ધેર) ત્યાંજ.

Get up (ગેટ અપ) ઉગવું; ઉઠવું.

Rises (રાઇઝીઝ) ઉગે છે

Turn (ટર્ન) ફેરવો.

Back (બૅક) પીઠ.

Straight forward (સ્ટ્રેઇટ ફોરવર્ડ) બરાબર આગળ; બરાબર સામે.

North (નૉર્થ) ઉત્તર.

West (ઉવેસ્ટ) પશ્ચિમ.

When it is go to be night (ઉન્હેન ઇટ ઇઝ ગોઇંગ ટુ બી નાઇટ) જ્યારે રાત પડવા માંડે છે ત્યારે.

Goes down (ગોઝ ડાઉન) નીચે જાય છે; અસ્ત પામે છે.

Sets (સેટસ) અસ્ત પામે છે.

Clock (ક્લૉક) ઘડીઆળ.

He is always...west- જ્યારે તે આથમે છે ત્યારે તે હમેશાં ત્યાં હોય છે; કારણ કે સૂર્ય પશ્ચિમમાં આથમે છે.

WASTE NOT, WANT NOT

બગાડ કરો નહીં (કે જેથી) તંગીમાં આવી પડો.

Must not throw (મસ્ટ નૉટ થ્રો) નાંખી દેવું જોઇએ નહીં.

Floor (ફ્લોર) જમીન; પાટીઆંની જમીન.

Crust (ક્રસ્ટ) રોટલીનો કકડો.

The crust-જે રોટલીનો કકડો.

Can not eat-ખાઇ શકતાનથી.

Many (મેની એ) ઘણાં.

Hungry (હંગ્રી) ભૂખ્યાં.

Little one (લિટલઉવન) બચ્ચું.

Would think (ઉવુડ થિન્ક) વિચારશે.

Quite (ક્વાઇટ) તદન.

Treat (ટ્રીટ) મીજબાની.

Wil ful (ઉવિલફુલ)આપમતીઉં. (હઠીલું); મરજી પ્રમાણે.

Waste (ઉવેઇસ્ટ) બગાડ; નાંખી દેવું તે.

'tis-It is (ટિઝ)

Brings (બ્રિંગ્ઝ) લાવે છે.

Woeful (ઉવોફુલ) દુઃખદાયક; ખેદક.

Want (ઉવૉન્ટ) તંગી; ગરજ.

May live (મે લિવ) જીવું.

I may live to say—હું જ્યાંસુધી જીવીશ ત્યાં લગી બોલીશ

I wish (ઉવિશ) I had the bread (બ્રેડ) જો રોટલી મારી પાસે હોત તો કેવું સારૂં.

Which (હ્વિચ) જે. [દીધું.

Threw away (થ્રુ અવે) નાંખી

જે રોટલીનો કકડો હું ખાઇ શકતો નથી તે મારે જમીન ઉપર નાંખી દેવો જોઇએ નહી કારણ કે ઘણા ભૂખ્યાં બાળકો તેને તદન મીજબાની વિચારશે. મરજી પ્રમાણે કરેલા બગાડથી ખેદદાયક તંગી આવી પડે છે, અને જ્યાં લગી જીવીશ ત્યાં લગી બોલીશ કે જે રોટલી મેં નાંખી દીધી તે મારી પાસે હોત તો કેવું સારૂં.

A VISIT TO THE BLACKSMITH'S SHOP

લુહારની દુકાનની મુલાકાત (વિષે.)

Visit (વિઝિટ) મુલાકાત

Black-smiths (બ્લૅક સ્મિથ્સ)

Shop (શૉપ) દુકાન. [લુહારની.

Let us go—ચાલો આપણે જઇએ.

Smith (સ્મિથ) હથોડાથી ઘડનાર

Is doing (ઇઝ ડુઇંગ) કરે છે.

Forge (ફોર્જ) લુહારની ભઠ્ઠી.

Blows (બ્લોઝ) ફુંકે છે.

Fire (ફાયર) દેવતા

Great (ગ્રેટ) મોટી.

Pair (પેર) જોડી

Bellows (બેલોઝ) ધમણ.

A pair of bellows (એ પેર, ઓફ બેલોઝ) ધમણ; ધમણની જોડ.

Iron (આયર્ન) લોઢું.

Hot (હૉટ) ગરમ.

To make iron hot—લોઢાને તપવવાને.

Takes out (ટેઇક્સ આઉટ) બહાર કાઢે છે

Tongs (ટૉંગ્ઝ) ચીપીઓ.

Anvil (એનવિલ) એરણ.

Beats (બીટ્સ) ઠોકે છે.

Hammer (હૅમર) હથોડો.

How hard (હાઉ હાર્ડ) કેવી સખત.

Works (ઉવર્ક્સ) કામ કરે છે.

How hard he works (હાઉ હાર્ડ હી ઉવર્કસ) તે કેવી સખત મ્હેનત કરે છે.

Sparks (સ્પાર્ક્સ) ચીણગારીઓ.

Fly about (ફ્લાઇ એબાઉટ) આસપાસ ઉડે છે.

Pretty (પ્રેટિ) સુંદર.
Bright (બ્રાઇટ) પ્રકાશીત.
Is making (ઇઝમેકીંગ)બનાવેછે.
Nails (નેઇલ્સ) ખીલા. [નાળો.
Horse-shoes(હોર્સ શુઝ)ઘેડાની
Great-many (ગ્રેટ મેનિ)ઘણી.
Are made (આર મેઇડ) બને છે; બનેલા છે.
Use (યૂઝ) ઉપયોગ.
Iron is of great use to us- લોઢું આપણને ઘણું ઉપયોગી છે.
Is used (ઇઝ યૂઝડ) કામમાં આવે છે.
Ploughs (પ્લાઉઝ) હળો.
Wheels (વ્હીલ્ઝ)પૈડાં; ચક્કરો.
Ships (શિપ્સ) વહાણો.
Steam-engines (સ્ટીમ એનજીન્સ) વરાળયંત્રો.
Kinds (કાઇન્ડઝ) જાતો.
Without (વિધાઊટ) સિવાય
We could not do without iron (વી કુડ નૅાટ ડુ વિધાઉટ આયર્ન) આપણને લોઢાં વગર ચાલતું નથી
Steel (સ્ટીલ) ખરૂં લોઢું; પોલાદ.
Sharp (શાર્પ) ચાલતું; તીણું.
Hard (હાર્ડ) કઠણ. [Knife.
Knives (નાઇવ્ઝ)છરીઓ Sing
Scissors (સિઝર્સ) કાતરો.

FACTS FOR LITTLE FOLKS.

છોકરાંઓને સારૂ ખરી વાત.
Facts (ફૅક્ટસ) ખરી વાતો.
Folks (ફૅાકસ) લોક; આદમી.
Littles folks (લિટલ ફોકસ) છોકરાંઓ; નાહના લોક.
Tea (ટી) ચા.
Is prepared (ઇઝ પ્રીપેર્ડ) બને છે; તૈયાર થાય છે.
Leaf (લીફ)પાંદડું Plu. Leaves
Tree ( ટ્રી ) ઝાડ.
Honey (હની) મધ. [થાયછે.
Is gathered (ઇઝગેધર્ડ)એકઠું
Butter (બટર) માખણ.
Is made (ઇઝ મેઇડ) બને છે.
Milk (મિલ્ક) દૂધ.
Pork (પૅાર્ક) ડુક્કરનું માંસ.
Flesh (ફ્લેશ) માંસ.
Pig (પિગ) ડુક્કર.
Sow (સઉ) ડુકરી.
Juice (જ્યુસ) રસ.
Apple (એપલ) શેવફળ.
Makes (મેઇક્સ) બને છે.
Cider (સાઇડર) શેવફળનો દારૂ અથવા રસ.

So fine (સો ફાઇન) એવો સારો.
Grape (ગ્રેઇપ) દ્રાક્ષ.
White (ઉવ્હાઇટ) સફેદ.
Wine (ઉવાઇન) દ્રાક્ષનો દારૂ.
Cork (કૉર્ક) બુચ.
Bark (બાર્ક) છાલ.
Very (વેરિ) ઘણું
Large (લાર્જ) મોટું.
Sponge (સ્પન્જ) વાદળી.
Grows (ગ્રોઝ) ઉગે છે.
Plant (પ્લૅન્ટ) છોડવો.
Deep (ડીપ) ઉંડો.
Oil (ઓઇલ) તેલ.
Is obtained (ઇઝ ઓબ્ટેઇન્ડ) મેળવવામાં આવે છે.
Fish (ફિશ) મચ્છી.
Flax (ફ્લૅક્સ) સણ.
Candles (કૅન્ડલ્સ) મીણબત્તીઓ
Tallow (ટૅલો) ચરબી.
Wax (વૅક્સ) મીણ.
Linen (લિનન) સણનું લુગડું.
Fibres (ફાઇબર્સ) રેસા, સાંઠા.
Paper (પેપર) કાગળ.
Straw (સ્ટ્રૉ) તણખલું.
Rags (રૅગ્ઝ) ચીથરાં.
Worsted (ઉવર્સ્ટેડ) ઉનનો રેસો.
Wool (ઉલ) ઉન.

Soft warm (સૉફ્ટ ઉવૉર્મ) નરમ ગરમ.
Silk (સિલ્ક) રેશમ.
Is spun (ઇઝ સ્પન) કાંતવામાં આવે છે.
Worm (ઉવર્મ) કીડો.

## THE LAST CROSS WORD.

રીસથી બોલાયેલો છેલ્લો શબ્દ.

Last (લાસ્ટ) છેલ્લો
Cross (ક્રૉસ) રીસનો.
Word (ઉવર્ડ) શબ્દ.
Girl (ગર્લ) છોકરી.
Bursting into tears (બર્સ્ટિંગ ઇન્ટુ ટીઅર્સ) આંસુ પાડીને, રડીને.
Bursting (બર્સ્ટિંગ) નીકળીને ફુટીને.
Tears (ટીઅર્સ) આંસુ.
Heard (હર્ડ) સાંભળ્યું.
Deth (ડેથ) મોત.
She heard of the death (શી હર્ડ ઑફ ધી ડેથ) તેણીએ મરણ વિષે સાંભળ્યું.
Young (યંગ) જુવાન.
Friend (ફ્રેંડ) દોસ્તદાર.

"Oh" said a little girl, bursting into tears, when she heard of the death of a young friend 'I did not know, when I saw her, that it was the last time I should have to speak to Amy!" જ્યારે એક નાની છોકરીએ પોતાની જુવાન સાહેલીના મોત વિષે સાંભળ્યું ત્યારે રડીને બોલી કે અરે જ્યારે હું તેને મળી ત્યારે જાણતી નહોતી કે આ મારો એમી સાથે બોલવાનો છેલ્લો વખત છે! [વખત.

Last time (લાસ્ટ ટાઇમ) છેલ્લો

I should have to speak (આઇ શુડ હૅવ ટુ સ્પીક) મારે બોલવાનું છે.

Amy (એમી) છોકરીનું નામ છે

To-gether (ટુ ગેધર) સાથે.

Saw (સૉ) મળી, જોઇ.

Spoke (સ્પોક) બોલી હતી.

Crossly (ક્રૉસલિ) ગુસ્સાથી.

Cross (ક્રૉસ) રીસનો, ગુસ્સા ભરેલો.

Lay (લે) પડ્યો.

Heavy (હેવી) દલગીરી ભરેલો.

Heart (હાર્ટ) અંત કરણ, દીલ.

Lay heavy on her heart તેણીને દલગીરી ઉપજી.

Points out (પોઇન્ટસ)દેખાડેછે.

Rule (રૂલ) કાયદો, નિયમ.

About (એબાઉટ) વિષે.

Kindly (કાઇન્ડલિ) માયાથી.

Mother (મધર) મા.

Father (ફાધર) બાપ.

Playmates (પ્લેમેઇટસ) સોબતીઓ.

Every (એવરિ) દરેક.

Around (અરાઉન્ડ) આસપાસ

Lest (લેસ્ટ) રખેને, નહીતો કે.

Will have to speak—બોલવાનું થઇ પડે (થઇ પડશે).

Lest it should be the last time you will have to speak to them—રખેને તેમની સાથે તમારે બોલવાનો છેલ્લો વખત થઇ પડે.

Sad (સૅડ) દલગીરી ભરેલા.

To think (ટુ થિન્ક) વિચાર કરવો.

Cross words...to think of—ગુસ્સાભરેલા શબ્દો વિષે

વિચાર કરવો એ ઘણું હલગીરી-
ભરેલું છે.
Children (ચિલ્ડ્રન) છોકરાં.
Love (લવ) ચાહો.
Each other–એક બીજાને.
Never (નેવર) કદી નહીં
Another (અનધર) બીજો.
Pain (પેઇન) દુઃખ.
Anger (ઍન્ગર) ગુસ્સો.
Answer (ઍન્સર) જવાબ
આપવો.
Wrath (રૅથ) ગુસ્સો
Again (અગેન) ફરીથી.
નાનાં છોકરાં, એકબીજાને ચાહો;
બીજાને કદી દુઃખ આપો નહિ;
જો તમારો ભાઇ ગુસ્સામાં બોલે
તો ફરીથી ગુસ્સામાં જવાબ
આપતા નહિ.

SUMMER ઉન્હાળો.

It is summer (ઇટ ઇઝ સમર)
ઉન્હાળો બેઠો છે.
Is up–ઉગ્યો છે.
Sky (સ્કાઇ) આકાશ
Hours (અવર્સ) કલાકો
Befores (બીફોર) અગાઉ.
Awake (અવેક) જાગૃત, જાગતું.
Hours before you are
awake–તમે જાગો તેની આગમજ
કેટલા કલાકનો.
Full (ફુલ) ભરપુર. [લીફ.
Leaves (લીવ્ઝ) પાંદડાંઓ. Sing
Garden (ગાર્ડન) વાડી.
Gay (ગે) આનંદી; ખુશનુમાં.
Hay-makers (હે મેકર્સ)
ઘાસ કાપીને સુકવનારા.
Busy (બીઝિ) ઉદ્યોગી.
Fields (ફિલ્ડસ) ખેતરો.
Hay (હે) સૂકું ઘાસ.
Grass (ગ્રાસ) ઘાસ.
Cut down (કટ ડાઉન કાપેલું
Dried (ડ્રાઇડ) સુકવેલું. [છે.
Are called (આરકૉલ્ડ) કહેવાય
Mowers (મોઅર્સ) દાતરડાંથી
કાપનારા.
Long (લૉંગ) લાંબા.
Sharp (શાર્પ) તિક્ષ્ણ; તીણાં.
Scythes (સાઇધ્સ) દાતરડાં.
Reaping (રીપિંગ) કાપણી
કરવાના; ખેડવાના [યંત્રો.
Machines (મશિન્સ) સાંચા;
Women (વિમેન) બૈરીઓ;
સ્ત્રીઓ Sing. Woman (વુમન)
Toss (ટૉસ) નાખે છે; ફેંકે છે.
About (ઍબાઉટ) આમતેમ.
May dry (મે ડ્રાઇ) સુકવે.

Sweetly (સ્વીટલિ) મધુર રીતે.
Smells (સ્મેલ્સ) વાસ આવેછે.
Newmown (ન્યુમોન) તરતનું કાપેલું. [ગંજી
Hay stack (હે સ્ટૅક) ઘાસની
It is made into a hay-stack તેની ઘાસની ગંજી બનાવવામાં આવે છે.
Ready (રેડિ) તૈયાર.
To be used (ટુ બી યુઝ્ડ) વપરાવાને.
To feed (ટુ ફીડ)ખવડાવવાને
Horses (હૉર્સીઝ) ઘોડાઓ.
Winter (વિન્ટર) શિયાળો.
'tis–it is.
Blue (બ્લ્યુ) આસમાની રંગ.
Deeper (ડીપર) વધારે ઘેરો.
Deeper green (ડીપર ગ્રીન) ઘણો લીલો.

Beneath (બીનીથ) નીચે.
Lie (લાઇ) સુવુંછું
Now (નાઉ) હમણાં.
Ring (રિંગ) વાગે છે.
Sharp (શાર્પ) તિક્ષણ.
Scythes (સાઇધ્સ) દાતરડાં.
Mowers (મોઅર્સ) કાપનારા. (દાતરડાંથી)
Spread (સ્પ્રેડ) પાથરે છે.
Air (એર) હવા.
They spread to the air–તેઓ હવામાં પાથરે છે.
Scented (સેન્ટેડ) (ખુશબોદાર) વાસવાળું.
Glide (ગ્લાઇડ) જા
Slowly (સ્લોલિ) ધીમે ધીમે.
Warmth (ર્વાર્મ્થ) ગરમી, તડકો
Sunshine (સન શાઇન) તડકો.

ઉન્હાળો બેઠો છે, દિવસો લાંબા છે અને તમે જાણો તેની આગમજ કેટલા કલાકનો સૂર્ય ઉગ્યો છે. ઝાડો પાંદડાંથી ભરપુર છે અને વાડી ફુલોથી ખુશનુમાં દેખાય છે. ઘાસ કાપીને સુકવનારા ખેતરમાં ઉદ્યોગી છે (કામે લાગેલા છે). સુકું ઘાસ શું છે તે તમે જાણો છો? તે કાપેલું અને સુકવેલું લાંબુ ઘાસ છે. માણસો જે તેને કાપે છે તેને કાપણી કરનારા કહે છે. તેઓ તેને લાંબા તિક્ષણ દાતરડાં અથવા કાપણી કરવાના સાંચાથી કાપે છે, અને સ્ત્રીઓ અને છોકરીઓ તેને ખેતરમાં આમતેમ ફેંકે છે, જેથી કરીને પવન અને સૂર્યનો તડકો

તેને સુકવી નાંખે. તરતના કાપેલા ઘાસની કેવી મધુર વાસ આવે છે જ્યારે ઘાસ સુકાય છે ત્યારે તેની ઘાસની ગંજી બનાવવામાં આવે છે. શિયાળામાં જ્યારે ખેતરમાં તેઓને વાસ્તે ખાવાનું ઘાસ હોતું નથી તે વખતે ઘોડાઓ અને ગાયોને વાસ્તે ખવડાવવાને ઉપયોગમાં લેવાને તે હાલ તૈયાર થએલું છે.

આકાશના આસમાની રંગ ઉપરથી અને ઝાડો નીચે હું સુઉં છું તે ઉપરથી તેના વધારે ઘેરા લીલા રંગ ઉપરથી હું જાણું છું કે એ ઉન્હાળો છે.

હમણાં કાપણી કરનારનાં તીક્ષ્ણ દાતરડાંનો આખો દિવસ અવાજ થાય છે અને તેઓ ખુશબોદાર સુકા ઘાસને હવામાં પાથરે છે. અરે ઉન્હાળા! પ્રિય ઉન્હાળા ધીમે ધીમે જા. કારણ કે તારી ગરમીમાં અને તડકામાં મને રમવાનું ગમે છે.

AUTUMN–પાનખર ૠતુ.
Autumn (ઑટમ) પાનખર ૠતુ.
Has come (હૅઝ કમ) બેઠી છે.
Green (ગ્રીન) લીલું. [લીફ.
Leaves (લીવ્ઝ) પાંદડાં. sing
Are fading (આર ફેડીંગ)
ખરી જાય છે; કરમાઇ જાય છે.
Have fallen (હૅવ ફૉલન)
પડ્યાં છે.
Trees (ટ્રીઝ) ઝાડો. [લાં છે.
Are lying (આર લાઇંગ) પડે-
Ground (ગ્રાઉન્ડ) જમીન
Is the time–વખત થયો છે.
Fruit (ફ્રુટ) ફળ.
Apples (ઍપ્લ્સ) શેબરજો.
Pears (પેર્સ) પેર; જમરૂખ.
Plums (પ્લમ્સ) આલુ; બોર.
Kinds (કાઇન્ડસ) જાતો.
Ripe (રાઇપ) પાકાં.
Corn (કૉર્ન) અનાજ.
Too–વળી.
Reapers (રીપર્સ) કાપણીકરનારા.
Begin (બિગિન) માંડે છે; શરૂ
કરે છે. [સલાં.
Stalks (સ્ટૉક્સ) ડાંખળાં; કણ-
Tall (ટૉલ) ઊંચા.
See......sunshine – જુઓ
ઉંચા કણસલાં તડકામાં કેવા ઝોકાં
ખાય છે.
Nod (નૉડ) ઝોકાં ખાય છે.

Wave (વેઇવ) હીસે છે.
Sunshine (સનશાઇન) તડકો; સૂર્યનો પ્રકાશ.
Bend (બેન્ડ) વળે છે; વાંકાં વળે છે.
Weight (વેઇટ) બોજ.
Golden (ગોલ્ડન) સોના જેવો.
Grain (ગ્રેઇન) અનાજ.
They...grain–તેઓ સોના જેવા અનાજના બોજથી વાંકા વળે છે.
How many (હાઉ મૅની) કેટલા?
Loaves of bread (લૉવ્ઝ ઑફ બ્રેડ) પાઉં; નાન; Sing Loaf.
Will be made–બનશે; થશે
Field (ફિલ્ડ) ખેતર.
Wheat (વ્હીટ) ઘઉં
Hungry (હન્ગ્રી) ભૂખ્યા.
Mouths (માઉથ્સ) માણસો. L. મ્હોડાં.
Will be fed (વિલ બી ફેડ) પોષણ થશે; ખાશે
Our (આવર) આપણો.
Forget (ફરગેટ) ભૂલી જવું.
Let us not forget (ફરગેટ) આવો આપણે ભૂલી જઇએ નહીં.
To thank (થૅન્ક) ઉપકાર માનવો.
Him–પરમેશ્વર
Causes to grow (કોઝીઝ ટુ ગ્રો) ઉગાડે છે. [રૂતુનો.
Autum (ઑટમ) પાનખર
Wind (વિન્ડ્ઝ) પવન.
Are sighing (આર સાઇન્ગ) ફુંકે છે; ફુંકાય છે.
Ripened (રાઇપન્ડ) પાકેલું.
Is waving (ઇઝ વેવિંગ) હાલે છે.
Breeze (બ્રીઝ) પવનની લહેરી.
Harvest (હારવેસ્ટ) કાપણીની મોસમનો.
Moon (મૂન) ચંદ્ર.
Is shining (ઇઝ શાઇનિંગ) પ્રકાશે છે.
Over (ઓવર) ઉપર.
Hills (હિલ્સ) ટેકરીઓ.
Valley (વલી) ખીણ.
Floods (ફ્લડ્ઝ) રેલછેલ.
Silver (સિલ્વર) રૂપેરી.
Light (લાઇટ) રોશની.
Swallows (સ્વૉલોઝ) ચલીઆં
Come to-gether (કમ ટુગેધર) એકઠી મળી આવે છે.
Eaves (ઇવ્ઝ) છાપરાંની પાંખ; છજું.

Waiting ( ઉવેઇટિંગ ) રાહ જોતાં.
When (ઉવ્હેન) જ્યારે.
Must flee (મસ્ટ ફ્લી) ઉડી જવું જોઇએ.
Away (અવે) દુર.
Brighter (બ્રાઇટર) વધારે પ્રકાશીત.
Far—દુર. પેલેપાર.
Across ( ઍક્રોસ ) આરપાર
Sea (સી) દરીઓ.

MICE ઉંદરો.

Merry (મેરિ) આનંદી, રંગીલા; ખુશ. [માઇસ.
Mice (માઇસ) ઉંદરો Sing
Stay (સ્ટે) રહે છે.
Holes (હોલ્સ) દરે.
Hide (હાઇડ) સંતાડે છે.
Themselves ( ધેમસેલ્વ્ઝ ) તેઓની જાતે.
By day—દિવસે.
House (હાઉસ) ઘર.
Still (સ્ટિલ) શાંત.
The house is still at night રાત્રે ઘરમાં શાંત હોયછે
Rogues (રોગ્ઝ) લુચ્ચાઓ.
Climb (ક્લાઇમ) ચડે છે.
Upon (અપૉન) ઉપર.
Pantry (પૅન્ટ્રી) ખોરાક ભરી રાખવાનો ઓરડો.
Shelf (શેલ્ફ) છાજલી.
Taste (ટેસ્ટ) સ્વાદ લેવો.
Please (પ્લીઝ) ઇચ્છે છે.
Drink (ડ્રિન્ક) પીએ છે.
Milk (મિલ્ક) દુધ.
That (ધૅટ) જે,
Is set (ઇઝ સેટ) મૂકેલું હોય છે.
Cream (ક્રીમ) મલાઇ.
Nibble (નિબલ) કરડી ખાય છે.
Bread (બ્રેડ) રોટલી.
Cheese (ચીઝ) પનીર.
Chance (ચાન્સ) બની આવે.
Their (ધેર) તેઓની.
Feast (ફીસ્ટ) મેજબાની.
Will be done (ઉવિલ બી ડન) અંત આવશે; પુરી થશે.
Their feast will soon be done (ધેર ફીસ્ટ ઉવિલ સુન બી ડન) તેઓની મેજમાનીનો જલદીથી અંત આવશે.
Scamper off (સ્કૅમ્પર ઑફ) ઉતાવળથી નાસી જાય છે.
To hide (ટુ હાઇડ) સંતાવવાને.
Them-selves ( ધેમસેલ્વ્ઝ ) પોતાની જાતે.
As fast as (ઍઝ ફાસ્ટ ઍઝ) જેમ બને તેમ ઝડપથી.
Can run—દોડી શકે છે.

આનંદી ઉંદરો પોતાના દરોમાં રહે છે, અને દિવસે પોતે સંતાઈ જાય છે. પણ રાત્રે ઘરમાં શાંત હોય છે ત્યારે તે લુચ્ચાઓ રમવાને બ્હાર આવે છે. તેઓ ખોરાક ભરી રાખેલી છાજલી ઉપર ચઢે છે અને પોતાને જે સઘળું ભાવે તે ચાખે છે. મલાઇને માટે જે દૂધ મુકેલું હોય છે તે તેઓ પીએ છે; અને રોટલા અને પનીર કરડી ખાય છે. પણ જો તેઓ ભોગજોગે બિલાડીનો અવાજ સાંભળે છે તો તેઓની મિજબાનીનો જલદીથી અંત આવે છે; તેઓ સંતાઇ જવાને પોતાનાથી બને તેટલી ઝડપથી નાસી જાય છે.

WHAT THE CLOCK SAYS જે કાંઇ ઘડીઆળ કહે છે તે.

Clock (કલાક) ઘડીયાળ.
Says (સેઝ) કહે છે.
Tick (ટિક) ઘડિયાળનો ટકોરો; ટિકટિક.
What (હ્વૉટ) જે.
Have to do (હૅવ ટુ ડુ) કરવાનું હોય; કરવાનું છે.
Do quick (ડુ ક્વિક) ઝડપથી કરો. [રહે છે.
What...quick–તમારે જે કરવાનું હોય તે જલ્દીથી કરો.
Is gliding (ઇઝ ગ્લાઇડિંગ) જતો રહે છે.
Fast (ફાસ્ટ) ઝડપથી.
Let us act–ચાલો આપણે કામ કરીએ.
Act (ઍક્ટ) કામ કરવું.
To day–આજે.
Lesson (લેસન) પાઠ.
Would get (વુડ ગેટ) મળે; મેળવો
Now (નાઉ) હમણાં.
Fret (ફ્રેટ) ગુસ્સે થવું; રીસ કરવી.
Alone (અલોન) માત્ર.
Hearty (હાર્ટી) દીલોજાન.
Fun (ફન) રમુજ.
Which (હ્વિચ) જે.
After (આફ્ટર) પછી.
Is done (ઇઝ ડન) પૂરૂં થયું છે.
Mother (મધર) મા.
Obey (ઓબે) તાબે થાઓ.
Loiter (લૉઇટર) ભટકવું.
Stay (સ્ટે) ઉભા રહેવું.
Wait (વેઇટ) રાહ જોવી.
Another (અનધર) બીજી.

## DO JUSTLY
## વાજબી રીતે કરો.

Justly (જસ્ટલિ) વાજબી રીતે.
Kindness (કાઇન્ડનેસ) માયા.
Love (લવ) પ્યાર.
Owe (ઓ) દેવું.
Kindness and love to all I owe (કાઇન્ડનેસ ઍન્ડ, લવ, ટુ ઑલ આઇ ઓ) સઘળા ઉપર પ્યાર અને માયા બતાવી એ મારો ધર્મ છે; મારે સઘળા ઉપર મેહેરબાની અને પ્યાર રાખવો જોઇએ.
Ohter (અધર) બીજું.
Debt (ડેટ) કરજ.
Does allow (ડઝ એલાઉ) દેછે.
Then (ધેન)-ત્યારે.
Must pay (મસ્ટ પે) આપવું જોઇએ.
Every body-દરેક જણ.
Borrow (બૉરો) ઉછીનું લેવું.
Buy (બાઇ) ખરીદ કરવું.
Again (અગેન) ફરીથી.
Will try (ઉવિલ ટ્રાઇ)યત્ન કરીશ
Own (ઓન) પોતાનાં.
Law (લૉ) કાયદો
Ways (ઉવેઝ) રીતો.
May serve (મે સર્વ)સેવા કરૂ.
All my days-મારી આખી જીંદગી સુધી
Always (ઑલ ઉવેઝ) હંમેશાં.
Honest (ઓ નેસ્ટ) પ્રમાણીક.
Just (જસ્ટ વાજબી.
True (ટ્રુ) સાચું.
What I have said (વૉટ આઇ હૅવ સેડ) જે મે કહ્યું છે તે.
Take care (ટેઇક કેર) સભાળ લેવી.
And what I have said ...to do-અને મેં જે કહ્યું છે તે કરવાની કાળજી રાખો.

## WINTER શિયાળો.

Winter (ઉવિન્ટર) શિયાળો.
Has come (હૅઝ કમ) બેઠો છે.
At last (ઍટ લાસ્ટ) આખરે.
Flowers (ફ્લાવર્ઝ) ફુલો.
Garden (ગાર્ડન) વાડી.
Leaf (લીફ) પાંદડું.
Is gone (ઇઝ ગોન) ખરી પડયુંછે.
Lies (લાઇઝ) પડેલું છે.
Thick (થિક) ઘાડું.
Ground (ગ્રાઉન્ડ) જમીન.
Hop (હૅાપ) એક પગે કુદે છે.
About (ઍબાઉટ) આસપાસ.

Seeking (સીકીંગ) શોધતાં.
In vain (ઇન વેઇન) ફોકટ.
Here (હીઅર) અહીંઆં
Robin (રૉબિન) એક જાતનું પક્ષી છે.
Red breast (રેડ બ્રેસ્ટ) રાતી છાતી વાળું.
Bold (બોલ્ડ) હિમ્મતવાન.
Fellow (ફેલો) પક્ષી, સખશ.
Put (પુટ) મૂકવું
Some (સમ) કંઇક.
Crumbs (ક્રમ્સ) રોટલીનાં કકડા
Window (વિન્ડો) બારી.
Sill (સિલ) પાળ.
Pick (પિક) ઉચકવું.
Them (ધેમ) તેમને.
Must be-થવું જોઇએ.
Very (વેરિ) ઘણું.
Quiet (ક્વાએટ) શાંત.
Or-નહીં તો
Fright (ફ્રાઇટ) બીહીક.
He will take fright (હી ઉવિલ ટેઇક ફ્રાઇટ) તે બીહીશે.
Pretty (પ્રિટી) સુંદર.
Again (અગેન) ફરીથી
To morrow (ટુ મૉરો) આવતી કાલે.
Nice (નાઇસ) સુંદર.

Crumbs (ક્રમ્સ) રોટલીના કકડાં.
Winter (ઉવિન્ટર) શિયાળો.
Should think (શુડ થિન્ક) ધારવું જોઇએ.
Wants (ઉવૉન્ટસ) હાજત, તંગી.
Child (ચાઇલ્ડ) બચ્ચું, Plu. Children.
Fire (ફાયર) દેવતા.
To warm (ટુ ઉવૉર્મ) હુંફ આપવાને.
Clothing (ક્લોધિંગ) કપડાં, વસ્ત્ર. [કરવું, ઢાંકવું.
To shield (ટુ શીલ્ડ) રક્ષણ
Cold (કોલ્ડ) થંડી.
Has given (હૅઝ ગિવન) આપેલી છે.
Thank (થૅન્ક) ઉપકાર માનો.
Heart (હાર્ટ) અંતઃકરણ.
With all your heart (ઉવિથ ઑલ યુઅર હાર્ટ) તમારા ખરા દીલથી.
Try (ટ્રાઇ) કોશેસ કરો.
To help (ટુ હેલ્પ) મદદ કરવાને.
The poor (પુર) ગરીબ લોક.
Though (ધો) જો કે.
Leaves (લીવ્ઝ) પાંદડાં. Sing લીફ.

Flowers (ફ્લાવર્ઝ) ફુલો.
Still (સ્ટિલ) તોપણ.
Roots (રૂટસ) મૂળીયાં
Plants (પ્લેન્ટસ) રોપાઓ.
Are locked up (આર લૉકડ અપ) ઢંકાયલા છે [રીતે
Safely (સેઇફલી) સહીસલામત
Beneath (બીનીથ) નીચે
Snow (સ્નો) બરફ.
Voice (વૉઇસ) અવાજ.
Spring (સ્પ્રિન્ગ) વસંત રૂતુ.
Will be heard (ઉવિલ બી હર્ડ) સંભળાશે.
Will burst (ઉવિલ બર્સ્ટ) ફુટશે, નિકળશે.
Beauty (બ્યૂટી) ખુબસુરતી.
The flowers will burst into beauty (ધી ફ્લાવર્ઝ ઉવિલ બર્સ્ટ ઇન ટુ બ્યૂટી) ફુલો ખુબસુરતીથી ખીલી નીકળશે.
Will put on (ઉવિલ પુટ ઑન) પહેરશે
Robe (રોબ) ઝભ્ભો
Green (ગ્રીન) લીલું ઘાસ.
Are not dead (આર નૉટ ડેડ) કરમાઇ ગયા નથી.
Winter sleep (ઉવિન્ટર સ્લીપ) શિયાળાની ઉંઘ.

## QUITE A MAN.

**પુખ્ત ઉમ્મરે આવેલો માણસ.**

Think (થિન્ક) વિચારૂં છું.
Quite (ક્વાઇટ) પુરો, પુખ્ત.
Tom (ટૉમ) છોકરાનું નામ છે.
Girl (ગર્લ) છોકરી.
Whom (હુમ) જેને.
Knew (ન્યુ) ઓળખતો હતો.
Sat (સૅટ) બેઠી હતી
Gate (ગેઇટ) દરવાજો.
Home (હોમ) ઘર

"I think I shall soon be quite a man' said Tom to a girl he knew well, as she sat by the gate of her home–જે છોકરી પોતાના ઘરના બારણા આગળ બેઠી હતી અને જેને ટૉમ સારી રીતે ઓળખતો હતો તેને ટૉમે કહ્યું કે હું ધારૂં છું કે હું જલદીથી પુખ્ત ઉમરનો માણસ થઇશ.

Act (ઍક્ટ) વર્તવું; ચાલ ચલાવવી.
Were (ઉવેર) હોય.
Would not throw (ઉવુડ નૉટ થ્રો) નાંખો નહીં.

Plum-stones (પ્લમ સ્ટોન્ઝ) આલુના ઠળીઆ
Tease (ટીઝ) ખીજવવું.
You would not put your foot out (યુ ઉડુડ નૉટ પુટ યુઅર ફુટ આઉટ) તમે આંટી મારો નહી.
To make me fall down (ટુ મેઇક મી ફૉલ ડાઉન) અને અને પાડી નાખવાને
No true man...mean thing. કોઇ સાચો માણસ આવું હલકું કામ કરશે નહી.
Would not laugh (લાફ) હસો નહી.
Rude (રૂડ) જંગલી અવિવેકી.
Things (થિંગ્ઝ) ચીજો.
Wrong (રૉંગ) ખોટી.
You would not laugh when you seerude boys do things which you know are wrong જે કામ તમે જાણો છો કે ખરાબ (ખોટું) છે તે કામ કરતાં જ્યારે તમે જંગલી (રીતભાત વગરના અથવા તોફાની) છોકરાને જુઓ છો ત્યારે તમારે હસવું નહિ.
Old (ઓલ્ડ) ઘરડો.
True (ટ્રુ) સાચો; ખરો.
Mean (મીન) હલકી.
Brave (બ્રેઇવ) બહાદુર.
Just (જસ્ટ) વાજબી
He will do what is right–તે વ્યાજબીજ કરશે અને બ્હીશે નહી.
Right (રાઇટ) ખરૂં.
Fear (ફીઅર) બીહીવું.
Yes (યેસ) હા
I will–હું કરીશ–હું વિચાર કરીશ.
Quite true (ક્વાઇટ ટ્રુ) તદન સાચું.
May grow up (મે ગ્રો અપ) મોટા થાઉં.
I must...good men–મારે સારો છોકરો થવાને કોશેશ કરવી જોઇએ કે હું સારો માણસ થાઉં.

## EVENING સાંજ.

Evening (ઇવનિંગ) સાંજ.
This night (ધિસ નાઇટ) આજે રાત્રે.
Lie down (લાઇ ડાઉન) સુઇ જવું.
To sleep (ટુ સ્લીપ) ઉંઘવાને.
Lord (લૉર્ડ) પરમેશ્વર; સાહેબ.
Soul (સોલ) આત્મા
To keep (ટુ કીપ) સંભાળવું

If I should die (ઇફ આઇ શુડ ડાઇ) જો હું મરી જાઉં.
Before (બીફોર) અગાઉ.
Wake (વેઇક) જાગું; ઉઠું.
Pray (પ્રે) પ્રાર્થના કરૂં છું.

II

Bed (બેડ) બીછાનું.
Lie (લાઇ) સુવું છું.
Heavenly (હેવનલિ) પવિત્ર.
Father (ફાધર) બાપ; ઇશ્વર.
Hear (હીઅર) સાંભળ.
Cry (ક્રાઇ) બુમ.
Protect (પ્રોટેક્ટ) રક્ષણ કરો.
Through the night (થ્રુ ધી નાઇટ) રાત્રે, રાતમાં.
Bring (બ્રિંગ) લાવ.
Safe (સેઇફ) સહીસલામત.
Morning (મૅારનિંગ) સહવાર.
Light (લાઇટ) રોશની.

MORNING સહવાર.

Wake (વેક) જાગું છું.
God (ગૉડ) પરમેશ્વર.
Has kept (હૅઝ કેપ્ટ) બચાવ્યો છે
Through (થ્રુ) માં.
Lord (લૅાર્ડ) પરમેશ્વર.
Pray (પ્રે) વિનંતી કરૂં છું.
Guard (ગાર્ડ) ચોકી કર; રક્ષણ કર.
Through this day (થ્રુ ધિસ ડે) આજે; આજનો આખો દીવસ.
To thee (ટુ ધી) તારી આગળ.
All that I do—હું કરૂં તે સઘળું.
All that I say—હું કહું તે સઘળું બધું.
Bed (બેડ) પથારી.
From my bed (ફ્રૅામ માઇ બેડ) મારી પથારી પરથી.
Rise (રાઇઝ) ઉઠું છું.
Pleasing (પ્લીઝિંગ) પસંદ પડે એવું; ખુશ લાગે એવું.
Thine (ધાઇન) તારી.
Eyes (આઇઝ) આંખ; નજર.

BEFORE MEAT.

ખાના અગાઉ (કરવાની) પ્રાર્થના.

Thy (ધાય) તારા.
Cometh (કમેથ)–કમ્ઝ–આવેછે.
Every (એવરિ) દરેક.
Good (ગુડ) સારૂં કામ.
Thank (થૅન્ક) પાડ માનવો.

Daily (ડેલી) હમેશનું; દરરોજનું.
Blessing (બ્લેસિંગ) આશીર્વાદ.
Glory (ગ્લોરિ) કીર્ત્તિ.
May live (મે લિવ) રહીએ.

## સાંજ.

આજ રાતના, ઉંઘવાને સારૂ હું સુવા જાઉછું, ત્યારે મારા આત્માને, રક્ષણ કરવાને માટે હું પ્રભુને સોપુ છું. હું પાછો જાગુ ત્યાર પહેલાં મરી જાઉ તો મારો આત્મા લઈ જવાને હું પ્રભુને પ્રાર્થના કરૂ છું.

મારા નાના બિછાનામાં હુ પડી રહુ છુ, (ત્યાંથી) ઓ સ્વર્ગના પિતા, મારી બુમ સાંભળજે; હે પ્રભુ, આખી રાત મારૂં રક્ષણ કરજે, (અને) સવારનું અજવાળું જોવા મને સહીસલામત રાખજે.

## સવાર.

